# બાપાશ્રીની વાતોનું ચિંતન

લેખન - સંકલન

અ.મુ.પ.પૂ.
શેઠ શ્રી બળદેવદાસ વલ્લભદાસ પરીખ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૨૬

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

### *જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

### *ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો:

**મીન** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

| | |
|---|---|
| ગોપદ | ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે. |
| વ્યોમ | ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે. |
| અર્ધચંદ્ર | ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે. |
| કળશ | ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે. |

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના **મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના** ચરણકમળમાં **પ્રાર્થના.**

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# બાપાશ્રીની વાતોનું ચિંતન


: લેખન - સંકલન :

અ. મુ. પ. પૂ.

* શેઠ શ્રી બળદેવદાસ વલ્લભદાસ પરીખ *


શ્રી અબજીબાપાશ્રીની છત્રી બળદીઆ જિ. કચ્છ

આયોજીત

શ્રી અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દીના ઉપલક્ષ્યે


સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૨૬

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
## સર્વજીવહિતાવહ ગ્રંથમાળા
### * પ્રકાશન સમિતિ *

: પ્રેરક - માર્ગદર્શક:

*** અ. મુ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ***

© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

*દ્વિતીય સંસ્કરણ* : પ્રત ૩૦૦૦
સં. ૨૦૫૧, પ્રબોધિની એકાદશી
૧૩ નવેમ્બર, ૧૯૯૪

*સેવા મૂલ્ય* : રૂ. ૪

*પ્રકાશક*
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, નારણપુરા
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

*મુદ્રક*
સાધના ઓફસેટ
જી.આઈ.ડી.સી., નરોડા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

## અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા **શ્રી સ્વામિનારાયણ ભગવાનના** આદર્શ તત્ત્વજ્ઞાનને સમજાવનારા, એ દિવ્ય સ્વરૂપની સર્વોપરિતા સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા —આ રીતે સમગ્ર માનવકુળ પર મહદ્ ઉપકાર કરનાર


પરમ કૃપાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત.



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્યસુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની

પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો - પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં

રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સ.૨૦૪૨, શ્રીહરિ જયંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# નિવેદન

આ પુસ્તિકાના લેખક અ. મુ. પૂ. શેઠ શ્રી બળદેવદાસ વલ્લભદાસ પરીખે પરમ કૃપાળુ અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના પરમ સાન્નિધ્યમાં રહી, અનાદિમુક્તની છેલ્લી સ્થિતિની લક્ષ્યાર્થ સમજણ કેળવી હતી અને શ્રીજીની મૂર્તિના સુખે સુખિયા વર્તતા હતા. આણીશુધ્ધ વર્તન ને જીવન પર્યંત કારણ સત્સંગની અનેકવિધ સેવા દ્વારા પ. પૂ. અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીનો અનન્ય રાજીપો મેળવ્યો હતો. પ. પૂ. બાપાશ્રીની વાતો અને રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાસહ વચનામૃત ગ્રંથના ઊંડા અભ્યાસી હતા. તેથી જ તેઓ આ જ્ઞાનસરિતારૂપ પુસ્તિકામાં પ. પૂ. બાપાશ્રીની વાતોના તાત્પર્યને સુંદર ને સર્વગ્રાહી રીતે રજુ કરી શક્યા છે. પ. પૂ. બાપાશ્રીના કૃપાપ્રસાદ સમી વાતોના અભ્યાસ દ્વારા, તેનો લક્ષ્યાર્થ અનુભવ કરવા, આ લઘુ પુસ્તિકાનું વાંચન વાચકવર્ગને પ્રેરક ને દિવાદાંડીરૂપ નીવડશે એવી આશા છે.

*અ. મુ. શ્રી નારાયણભાઈ ઠક્કરની પ્રેરણા હેઠળ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન* સંસ્થા દ્વારા પ.પૂ. *અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દીના* ઉપલક્ષ્યે આ પુસ્તિકાની દ્વિતીય આવૃત્તિનું પુનઃપ્રકાશન

કરતા આનંદ ને ધન્યતા અનુભવિએ છીએ.

આ પુસ્તિકાના મૂળ પ્રકાશનમાં ટાંકેલા સંસ્કૃત શ્લોકોનું ભાષાંતર આપવામાં આવ્યું નથી. સંસ્કૃત ભાષા ન જાણનાર વાચકો તે શ્લોકોનો અર્થ સમજી શકે એ માટે એ શ્લોકોનો શદ્ધ અનુવાદ કરાવી આ દ્વિતીય આવૃત્તિમાં મૂકવામાં આવેલ છે તે એનો વિશેષ છે.

પ. પૂ. બાપાશ્રીનું પરમ ધ્યેય જે શ્રીજીમહારાજની સર્વોપરી દિવ્ય મૂર્તિમાં રસબસ થવા રૂપ અનાદિમુક્તની સર્વોત્તમ સ્થિતિ પ્રાપ્ત કરવામાં આ પુસ્તિકા સૌ કોઈને ઉપયોગી થાય એ જ શ્રીહરિના દિવ્ય ચરણકમળમાં પ્રાર્થના.

સં. ૨૦૫૧ *પ્રકાશન સમિતિ*
પ્રબોધિની એકાદશી શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૧૩ નવેમ્બર, ૧૯૯૪ નારણપુરા, અમદાવાદ-૧૩

## પ્રકરણ : ૧

# સત્સંગરૂપ બગીચાના અલૌકિક માળી

## : બાપાશ્રી :

ज्ञानं कुतो मनसि संभवतीह तावत्
प्राणोऽपि जीवति मनो म्रियते न यावत् ।
प्राणं मनो द्वयमिदं विलयं नयेद्यो
मोक्षं स गच्छति नरो न कथंचिदन्यः ।।१।।
यावन्नैव प्रविशति चरन् मारूतो मध्यमार्गे
यावद् बिंदुर्न भवति दृढं प्राणवातप्रबंधात् ।
यावद्ध्याने सहजसदृशं जायते नैव तत्वम्
तावज् ज्ञानं वदति तदिदं दंभमिथ्याप्रलापः ।।२।।

[જ્યાં સુધી પ્રાણ પણ ચાલતો હોય અને મન ન મર્યું હોય ત્યાં સુધી અંતરમાં જ્ઞાન ક્યાંથી સંભવે? જે પ્રાણ અને મન બંનેનો વિલય કરે તે મનુષ્ય જ મોક્ષ પ્રાપ્ત કરે છે. બીજો કોઈ પણ કોઈ પણ રીતે ન મેળવી શકે.

જ્યાં સુધી પ્રાણવાયુ ગતિ કરતો કરતો મધ્યમ માર્ગમાં (સૂષુમ્ણા નાડીમાં) ન પેસે, પ્રાણવાયુના બંધનથી ધ્યાન બિંદુ દૃઢ ન થાય અને જ્યાં સુધી ધ્યેય તત્ત્વ ધ્યાનમાં સહજ જેવું ન થાય ત્યાં સુધી જો કોઈ કહે કે મને જ્ઞાન થયું છે તો તે મિથ્યા પ્રલાપ છે.]

આપણી જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રીમુખે કહ્યું છે જે સંપ્રદાયની પુષ્ટિ તેના શાસ્ત્રથી જ થાય છે. દરેક સંપ્રદાયમાં પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્ત જીવો હોય છે જ. તેમ આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ તે ઉપરાંત સાત ધામોના મુક્તો પોતાના આત્યંતિક કલ્યાણ માટે આવે છે એ વિશેષ છે. જે મૂર્તિનાં દર્શન ફક્ત અક્ષરધામમાં પોતાના પરમ એકાંતિક મુક્ત જે પોતાને સમીપે રહ્યા છે તે તથા અનાદિ મુક્ત જે મૂર્તિમાં રસબસ રહ્યા છે તેમને જ છે, બીજા કોઈને એ મૂર્તિનાં દર્શન નથી. એવી અગમ્ય, અકળિત, અદ્વિતીય મૂર્તિએ અક્ષરકોટી, બ્રહ્મકોટી, ઈશ્વરકોટી અને તેમના મુક્ત જીવો તેમ જ માયાબદ્ધ જીવોનો મોક્ષ કરવા માટે આ મનુષ્ય લોકમાં દર્શન દીધાં!

**"કીડી કુંજરનો મેળાપ જીવન જાણું છું,**
**ક્યાં અમે ને ક્યાં આપ જીવન જાણું છું."**

વળી કહ્યું છે જે **स्वकीयावतारास्तदीयाश्च भक्ता निजोपासनां ज्ञानमाबोध्य तेषां। तथा स्वधामाधिनेतुं विचिंत्यागतो श्री हरिर्हेतुरुक्तश्चतुर्थः।।** [એમ પોતાના અવતારોને ને તેમના ભક્તોને પોતાની ઉપાસના, જ્ઞાન આપીને પોતાના ધામમાં લઈ જવા માટે દર્શન દીધાં.] વળી "સૌને વશ કરું રે સૌનો પ્રેરક હું ભગવાન" એમ સૌનો

કારણ એવો હું એક જ ભગવાન છું, બીજો કોઈ ભગવાન નથી એમ પોતે કહ્યું છે.

શ્રીજીમહારાજે શ્રીમુખે કહ્યું છે જે સત્શાસ્ત્રો સત્પુરુષ થકી જ સમજાય છે પણ પોતાની બુદ્ધિથી સમજાતાં નથી. તેમ જ પોતાનું સ્વરૂપ જે પોતાના મુક્તોને જ ગમ્ય છે, તે તેવા સત્પુરુષ જે સ્વસિદ્ધ મુક્તો તે થકી જ સમજાય છે, પ્રાપ્ત થાય છે, અનુભવાય છે, પણ તે સિવાય બીજા કોઈ સાધને, કોઈ કાળે જાણી-અનુભવી શકાય તેમ નથી. આ કારણપણા માટે પોતાના સ્વસિદ્ધ મુક્તો શ્રી ગોપાળાનંદ સ્વામી તથા શ્રી પર્વતભાઈ આદિને પોતાના સંકલ્પથી અહીં પ્રગટ કર્યા! આવા મહારાજ ને મુક્તોનાં દર્શન, સ્પર્શ, સેવા, સમાગમનો લાભ કોટી કલ્પે, કોટી સાધને કે અનેક જન્મનાં સુકૃતથી મળતો નથી કેમ જે તે વસ્તુ જ એવી અનુપમેય, અદ્વિતીય, અમૂલ્ય છે. કેવળ કૃપાસાધ્ય છે. આવા સ્વસિદ્ધ અનાદિ મુક્તોએ આ સત્સંગરૂપ બગીચો બનાવી આપણને દિવ્યાનંદ મળે તે માટે અર્પણ કર્યો છે! આવા બગીચાના અલૌકિક સર્વોત્તમ માળી તે આ અનુભવાત્મક રહસ્ય જ્ઞાનપ્રદાતા અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા છે. તેમના નામથી સત્સંગમાં ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. છતાં તેઓ કોણ હતા? કેવા હતા? તેમણે

સત્સંગમાં શું શું કર્યું? ઇત્યાદિ બાબતે બે બોલ અસ્થાને નહિ ગણાય.

## (૧) બાપાશ્રી કોણ હતા?

અક્ષરધામમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની જે દિવ્ય મૂર્તિ છે તે મૂર્તિ તથા સંવત ૧૮૩૭માં શ્રી છપૈયાપુરમાં પ્રગટ થયા તે મનુષ્યરૂપ મૂર્તિ તથા તેમણે પધરાવેલી શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રીજીમહારાજ આદિ મૂર્તિઓ તે એક જ છે ને સ્વયં પોતે જ છે; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

શ્રી સ્વામિનારાયણ ભગવાન એક જ છે. અને અનાદિ મુક્ત અનેક છે ને અનેક થાય છે ને અનેક થશે તે સર્વેને સુખના દાતા છે અને અનાદિ મુક્ત સર્વે એ એક જ મૂર્તિના સુખ ભોક્તા છે; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

શ્રીજીમહારાજના સકામ ભક્ત બ્રહ્માથી લઈ અક્ષર સુધીની પદવીને પાત્ર બને છે અને નિષ્કામ ભક્ત પોતાની સમીપે પરમ એકાંતિક અથવા પોતાની મૂર્તિમાં રહેલા અનાદિ મુક્તની પદવીને પામે છે પણ ભગવાન શ્રી પુરુષોત્તમ જે **'एकमेवाद्वितीयं ब्रह्म'** (ભગવાન) પરબ્રહ્મ એક જ અને અદ્વિતીય છે-એક જ છે તે ભગવાનની પદવીને તો કોઈ

પણ પામી શકતા નથી ને ભક્ત કોઈ દિવસ પોતાના સ્વામીની પદવીને ઇચ્છે જ નહિ; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

શ્રી સ્વામિનારાયણ ભગવાન કૃપા કરીને અનાદિ મુક્તને રસબસ પોતાની મૂર્તિમાં જ નિમગ્ન-લુબ્ધ રાખે છે, જેમ દૂધમાં સાકર રહે છે તેમ. છતાં પોતે સ્વામી ને અનાદિ મુક્ત સર્વે સેવક છે ને સદા સાકાર છે; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનરૂપ થવાથી અનાદિ મુક્ત થવાય છે; (પ્ર. પ્ર. ૫૧ પ્રમાણે) કેમ જે જે વસ્તુ જાણવી-જોવી હોય તે વસ્તુરૂપ થયા વિના તે વસ્તુ જોઈ-જાણી શકાતી નથી અને દાસપણું પણ ત્યારે જ દ્રઢ થાય છે; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને અને અનાદિ મુક્તને જુદાપણું એટલે સહેજ પણ છેટાપણું નથી, તાણા વાણાની પેઠે એકમેક, ઓતપ્રોત, તદ્રુપ, તલ્લીન થવાય ત્યારે જ અણુ માત્ર છેટે નથી એમ કહેવાય; તેવી રીતે સહેજ સ્વભાવે સહેજ પણ ક્ષણ માત્ર મૂર્તિથી દૂર ન રહેવાય એટલે સર્વે ક્રિયા મહારાજ કરે છે એવો સાક્ષાત્કાર (લક્ષ્યાર્થ) થાય ત્યારે અનાદિ મુક્તની પંક્તિમાં ભળાય; એ સિદ્ધાંત

સમજાવનાર પ્રસિદ્ધ સ્વસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિનો પોતાના ચૈતન્યમાં સાક્ષાત્કાર કરે તેવા પરમ એકાંતિકને મૂર્તિમાં રસબસ જોડી-સંલગ્ન કરી રોમેરોમનું એકકાળાવિચ્છિન્ન સુખ ભોગવાવી અનાદિ મુક્ત કરનાર પ્રસિદ્ધ સ્વસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

જ્યારથી પ્રગટ ભગવાન કે પ્રગટ મુક્ત મળ્યા ને તેમનો દૃઢ નિશ્ચય-દૃઢ આશ્રય થયો ત્યારથી જ કાળ, કર્મ, માયાથી રહિત કરી સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ ને તુર્યાવસ્થાનો-મૂળ અજ્ઞાનનો નાશ કરી અનાદિ મુક્તની પંક્તિમાં ભેળવ્યા છે એટલે દેહ મૂક્યા પછી જેવા થવાનું છે તેવા કર્યા જ છે પણ દેહ મૂક્યા પછી મહારાજ ને મુક્ત ધામમાં તેડી જશે ને પછી એવા કરશે, એમ ન માનવું પણ છતે દેહે જ એવા કર્યા છે એવું સંપૂર્ણ કૃતાર્થપણું માનવું; અને તેમની પ્રસન્નતાને અર્થે આજ્ઞામાં રહી કથા, વાર્તા, માળા, માનસી પૂજા, ધ્યાન, ભજન, નિયમ, ઉપાસના ક્ર્યાં કરવાં ને મૂર્તિમાં અખંડ રસબસ રહેવાય-ક્ષણ માત્ર જુદા ન પડાય એમ વર્તવું, છતાં ગરીબ સંત હરિજનના પણ દાસાનુદાસ થઈ રહેવું ને બીજા જે દૃઢ આજ્ઞા, ઉપાસનાવાળા હોય તેમને પોતાથી મોટા જાણવા ને પોતાને તેમનાથી ન્યૂન માનવું પણ છકી જાવું નહિ. જેમ રાજાને ઘેર

જન્મે તે રાજા જ કહેવાય પણ જ્યાં સુધી ગાદીએ ન બેસે ત્યાં સુધી રાજા જેવું સુખ-સામર્થી ન આવે તેમ સાધુ કે સત્સંગી થયા એટલે પૂરું થઈ ગયું એમ માની બેસી રહેવું નહિ, કારણ કે સ્વસિદ્ધ અનાદિ મુક્તો મૂર્તિનું સુખ સ્વતંત્રપણે લે છે તે પણ તેનો પાર પામતા નથી. માટે તેમના જેવા થવાના ઉપાયમાં દેહ પર્યંત તત્પર રહેવું; એ સિદ્ધાંત સમજાવનાર પ્રસિદ્ધ સ્વસિદ્ધ અનાદિ મહામુક્તરાજ હતા.

## (૨) બાપાશ્રી કેવા હતા?

આ પુસ્તિકામાં તેમનો ફોટો (છબી) આપેલ છે.

શ્રીજીમહારાજ મનુષ્યરૂપે પ્રગટ થયા તેમને નજરે દેખ્યા-ઓળખ્યા ને મૂર્તિનો આત્મામાં સાક્ષાત્કાર કર્યો તેમણે જ મહારાજને જાણ્યા. આજ જેને ધામની મૂર્તિ, મનુષ્ય મૂર્તિ અને પ્રતિમા એક જ છે એવો દિવ્ય ભાવ આવે તેમ જ તેમના વચનામૃત ઉપરથી સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વોપરી, સદા સાકાર, સર્વ કર્તાહર્તા જાણે ને મૂર્તિ સિદ્ધ કરે તેણે મહારાજને સર્વોપરી ભગવાન જાણ્યા કહેવાય. તેવી રીતે બાપાશ્રીનો સમાગમ કરી તેમને જેવા છે તેવા ઓળખ્યા તે અનાદિ મુક્ત થઈ ગયા. જેમ સોય કેડે દોરો સોંસરો ચાલ્યો આવે છે તેમ તેમના ઉપદેશામૃતમાં એક મૂર્તિમાં જ રસબસ-લુબ્ધ રહો-એક મૂર્તિમાં જ જોડાઓ-એક

મૂર્તિ જ સિદ્ધ કરો બીજું બધું એક વાર જાણી પડ્યું મૂકો. આવા શબ્દો જ નજરે પડે છે. જેમ ખેડૂતને કરોડો રૂપિયા મળે તો મહેનત કરી દાણા પકવવા પડ્યા મૂકે અને જેમ સૂર્ય ઉગતા જ રાત્રિ ટળી જાય છે તેમ જ્યારે સ્વરૂપનિષ્ઠા દૃઢ થાય છે ત્યારે પંચ વિષય, પરચા, ચમત્કાર, ઐશ્વર્ય એ સર્વમાંથી સહેજે જ પ્રીતિ ટળી જાય છે. જ્યારે એ મૂર્તિના સુખનો ભોક્તા થાય છે ત્યારે તેને ધામ અને મુક્તનું સુખ પણ નજરમાં આવતું નથી. (જો કે સ્વતંત્રપણે સર્વને જાણે દેખે છે.) આવી સ્થિતિ થાય તેને જ અનુભવ જ્ઞાન લક્ષ્યાર્થ જ્ઞાન કહેવાય. બાપાશ્રી કહેતા જે વાચ્યાર્થમાં પડ્યા રહેવું નહિ પણ લક્ષ્યાર્થ કરવો, એટલે મહારાજ ને મોટા મળ્યા તો તેમના જેવા થવું.

જ્યારે પુરુષોત્તમરૂપ થાય ત્યારે જ પુરુષોત્તમને ને અનાદિ મુક્તોને જેવા છે તેવા જાણી શકે. પોતે અનાદિ મુક્ત થાય ત્યારે લય, વિક્ષેપાદિ કષાય નાશ પામે-લક્ષ્યાર્થ જ્ઞાની પણ તેને જ કહેવાય. જ્યારે પાટે બેસી કથા કરે ત્યારે જ્ઞાની એમ સમજે જે હું પાટે બેઠો નથી પણ મહારાજ બેઠા છે ને હું બોલતો નથી પણ મહારાજ બોલે છે ને હું સાભળું છું; અને જેને આ જ્ઞાન હાથ ન આવ્યું હોય તે એમ જાણે જે લખ્યું છે તે વંચાય છે આવી રીતે દૃઢ જ્ઞાની માન સન્માનના ધણી મહારાજને રાખે છે ને પોતાપણું સર્વે વિસરી જાય છે.

એકાંતિક ભક્ત સાધનકાળમાં પોતાને અકર્તા માને છે ને મારા દ્વારે મહારાજ વિચરે છે, જમે છે, જુએ છે, બોલે છે (પ્ર. પ્ર. વ. ૨૭) એવું મનન રાખે છે. તે દરમ્યાન ક્યારેક ગોપીઓની પેઠે લ્યો કાન, લ્યો કાન એમ થાય. અને અવલબાઈ આદિ બાઈઓની પેઠે એમ પણ થાય જેઃ-

**"ક્હે હું સહજાનંદ સ્વામી,**
**સરવેનો છું અંતરજામી."**

ઉપર પ્રમાણે મનન અને નિદિધ્યાસ રાખતાં રાખતાં જ્યારે આત્મામાં સાક્ષાત્કાર થાય ત્યારે તેને 'મુક્ત-સંત-અનુભવી' કહેવાય, એવા સંતનો મહિમા શ્રીજીમહારાજે કહ્યો છે જેઃ-

**"સંત જમે તે ભેળો હું જમું રે,**
**સંત ભમે તે ભેળો હું ભમું રે."**

એટલે મહારાજને ને મુક્તને નિત્ય સંબંધ છે; જુદા નથી.

**"સંત જાણજો મારી મૂર્તિ રે,**
**તેમાં ફેર નથી એક રતી રે."**

તે સંત એટલે અનાદિ મુક્ત જાણવા. વચનામૃતમાં પણ મહારાજે સંતને પોતાની મૂર્તિઓ કહી છે. અનુભવી કરતાં અનાદિ મુક્ત અતિશય શ્રેષ્ઠ છે તે તો સદા મૂર્તિમાં રસબસ છે, છે ને છે જ. તેમને જો એમ પૂછવામાં આવે જે

હાલ મહારાજ ક્યાં છે? તે શું કરે છે? તો તે મહારાજની મૂર્તિને ઉંચે કે અડખે, પડખે ક્યાં બતાવે? તે આ પુસ્તકના ઊંડા અભ્યાસીની નિર્મળ બુદ્ધિને સોંપીશું. અનાદિ મુક્ત સ્વયં પુરુષોત્તમ નથી પણ પુરુષોત્તમરૂપ છે. અનાદિ મુક્ત તો સદા સુખમાં જ લુબ્ધ રહે છે ને સુખ લીધાં જ કરે છે પણ તે સુખ મૂકી બીજો સંકલ્પ કરતા જ નથી, બીજું કાંઈ જોતા જ નથી; છે તો બધુંય હસ્તામળ. જ્યાં મૂર્તિ ત્યાં અનાદિ મુક્ત હોય જ. જેમ મૂર્તિ તેમ જ અનાદિ મુક્ત. જેવું મૂર્તિ બોલે તેવું જ અનાદિ બોલે. બાપાશ્રી કહેતા જે આ શબ્દ તો મહારાજના પડછંદા છે. આ સ્થિતિ જેના સમજવામાં આવે છે તે બાપાશ્રીની સ્થિતિના શબ્દો સાંભળી ભૂલા પડતા નથી. મહારાજે કહ્યું છે જે નિશ્ચયની વાત અટપટી છે એટલે સમજતાં ન આવડે તો મૂળગેથી જાય, તેમ થાય. જેને એ સ્થિતિ સમજાય છે તે તો તેમના ઉપદેશ ને વર્તનનો સરવાળો કરે છે. બાપાશ્રી એમ પણ કહેતા જે, 'કેટલાક ખોટા મુક્તને ખોટા કરે તે ભેળા સાચા મુક્તને ખોટા માની બેસે માટે તપાસ કરવો, કેમ જે જે સાચા મુક્ત હોય તે પુરુષોત્તમરૂપે વર્તે પણ પંડે પુરુષોત્તમ ન થાય અને મૂર્તિમાં જ જોડે પણ પોતામાં ન જોડે ને મહારાજ ને મુક્તનો ભેદ, સ્વામી-સેવકપણું દૃઢ કરાવે.' તે બાપાશ્રીની વાતોના અભ્યાસીને જણાયા વિના રહેશે નહિ.

બાપાશ્રી કહેતા જે ઇયળની ભમરી કરવી છે-રાંકમાંથી રાજા કરવા છે-કીડીનો કુંજર કરવો છે-માખીનો સૂર્ય કરવો છે-પારસથી પારસ કરવો છે-હીરેથી હીરો વેંધવો છે-અરે તમને મહારાજે મૂર્તિમાં જ રાખ્યા છે. જેવો પર્વતભાઈએ યજ્ઞ કર્યો હતો તેવો આ યજ્ઞ છે. આ મુક્તની કૃપાદષ્ટિથી તમે મુક્ત થઈ રહ્યા છો. જેની આવી સ્થિતિ થાય તેને મનુષ્યભાવ-દિવ્યભાવ, અવરભાવ-પરભાવ, અહીં-ત્યાં એક થઈ જાય છે. ધામની સભા ને આ સભા એક જ ભાસે છે અને તેને જ અનુભવી જાણવો. આવા અનુભવી કરતાં સ્વસિદ્ધ અનાદિ મુક્ત અતિશય શ્રેષ્ઠ છે. જેમ શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને પોતાથી અણુ માત્ર ન્યૂન કહ્યા નથી તેમ મહારાજ ને મોટા પોતાના આશ્રિતને અણુમાત્ર ન્યૂન રાખતા નથી. દાતા-ભોક્તા, સ્વામી-સેવકપણું રહે છે એ ભૂલવું જોઈએ નહિ. આવી સ્થિતિના શબ્દો બાપાશ્રીની વાતોમાં વખતોવખત નજરે પડે છે.

બાપાશ્રી કોણ હતા? તેના ઉત્તર અનેક રીતે ઉપર કરેલા છે તે વાંચી બરાબર પચાવ્યા હશે, તેમને જરૂર સમજાયું હશે જે જેવો મહિમા મહારાજનો તેવો જ તેમના અનાદિ મુક્તનો કહેવાય. જેટલું મહારાજ જાણે ને દેખે તેટલું જ તેમના અનાદિ મુક્ત જાણે ને દેખે. વચનામૃતમાં કહ્યું છે જે મહારાજને લઈને તો આ મુક્તાનંદ સ્વામીને પણ

ભગવાન કહેવાય. એવી રીતે અનાદિ મુક્તનો મહિમા કહેવામાં સ્વયં શ્રીજીમહારાજનો મહિમા વધારીએ છીએ એ ભૂલવું ન જોઈએ. જેમ રાજાની સમૃદ્ધિનો મહિમા કહેવામાં ખુદ રાજાની મોટપ સહેજે જ આવી જાય છે; તેમ અનાદિ મુક્તો છે તે મહારાજની સમૃદ્ધિ છે. તેમના મહિમામાં સ્વયં મહારાજનો મહિમા આપોઆપ વધે છે. જેમણે બાપાશ્રીની રહસ્યાર્થ-પ્રદીપિકા ટીકાવાળાં વચનામૃત તથા આ વાતો સમજી વિચારી વર્તનમાં ઉતારવા પ્રયત્ન કર્યો હશે તેમને બાપાશ્રી કેવા હતા? તેમનો મહિમા કેવો સમજવો? તે બાબત આપોઆપ સહેજે સમજાઈ જશે.

સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં એક દ્રષ્ટાંત છે જે એક ભરવાડને હાથ હીરો આવ્યો પછી તેને પત્થર જાણી બકરીની કોટે બાંધ્યો, પછી કોઈક ઝવેરીએ તેની પાસેથી વેચાતો રાખી બીજા ઝવેરીને વેચ્યો ત્યારે છેવટે તેની કીંમત અમૂલ્ય થઈ. આટલું અપારપણું તો માયાના પદાર્થમાં છે. તો આ તો દિવ્ય મહારાજ અને દિવ્ય મુક્ત. તેમનો સૂઝે તેટલો મહિમા કહો તો પણ અપૂર્ણ જ રહેવાનો, તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી. કહેવત છે કે 'ભણતરનો ને વણતરનો (માયિક વિદ્યાનો) પાર નથી.' આટલું તો માયાવાદીઓ કહે છે. વળી વેદ પણ મુળ પુરુષનો મહિમા કહેવામાં **'નેતિ નેતિ'** કહી અટકે છે. તો આ તો પૂર્ણ

પુરુષોત્તમ ભગવાન ને તેમના અનાદિ મુક્તનો મહિમા તે કોણ યથાર્થ કહી શકે? કોઈ નહિ. વચનામૃતમાં કહ્યું છે જે જેવા મેં મહારાજને જાણ્યા હતા તેવો તો મને પણ કર્યો છે તો પણ મહારાજ તો અપારના અપાર જ રહે છે. જેમ મહિમા વધુ વધુ સમજાય છે તેમ તેમ દાસપણું સુધુ દઢ થતું જાય છે ને મહિમા અપાર અપાર જણાયા કરે છે; છતાં એ મહિમાની દિશ બતાવી શકાય.

## (૩) બાપાશ્રીએ શું શું કર્યું?

શ્રીજીમહારાજે સા.૧૭મા વચનામૃતમાં કહ્યું છે જે ભક્તની દૃષ્ટિ જેમ જેમ સૂક્ષ્મ થતી જાય તેમ તેમ ભગવાન ને મુક્તનો મહિમા ને અપારપણું વધુ ને વધુ જણાયા કરે છે. ભક્ત જ્યાં સુધી મુક્ત ન થાય ત્યાં સુધી મોટા મુક્તને મોટા ભક્ત જેવા જાણે. જ્યારે ભક્ત પોતે મુક્ત થાય ત્યારે મહારાજને તથા મોટાને જેવા છે તેવા ઓળખે. સાધનિક જે જે કરે છે તે પોતાના મોક્ષ માટે કરે છે, જ્યારે સ્વસિદ્ધ મુક્ત જે જે કરે છે તે બીજા જીવોના મોક્ષ માટે કરે છે.

બાપાશ્રીએ સત્સંગમાં ઘણા યજ્ઞ, પારાયણ, ઉત્સવ, સમૈયા કરી પામર ને વિષયી જીવોનો પણ મોક્ષ કર્યો છે. તેમ જ તેમના જોગ સમાગમમાં આવેલા કેટલાક સંત હરિજનોને મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવ્યો. બાપાશ્રી કેટલાક

ભક્તોને તેમના મનની વાત જાણી અંતર્યામીપણે કહી દેતા, કેટલાકને તેમના પૂર્વ જન્મની સ્મૃતિ કરાવી આપતા, કેટલાકને દેહને અંતે મહારાજ સાથે દર્શન દઈ ધામમાં તેડી જતા, કેટલાકને આયુષ્ય ન હોય તોપણ રાખતા, કેટલાકના ઘાટ સંકલ્પ ટાળી જ્ઞાન, ધ્યાન દઢ કરાવતા એવી ઘણી સામર્થી જોવામાં આવતી. અને એકાંતિક ભક્તોને વચનામૃતનો ઊંડો અભ્યાસ થાય ને મહારાજ ને મોટાનો મહિમા સહેજે સમજાય તે માટે વચનામૃતના પ્રશ્નોત્તરરૂપ ખુલાસા કરી વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરી છે.

ગાજવીજથી દાણા ન પાકે ને વરસાદથી દાણા પાકે તેમ પરચા ચમત્કાર જોવા-જાણવાથી મૂર્તિનું જેવું છે તેવું સુખ ન આવે ને મહારાજનું સર્વોપરીપણું-કર્તાપણું -સાકારપણું-સુખદાતાપણું તે રૂપ સ્વરૂપનિષ્ઠા દ્રઢ કરવાથી મહારાજ ને મુક્તનો મહિમા સમજાય ને મૂર્તિનું સુખ મળે. બાપાશ્રી કહેતા જેઃ- 'એ મૂર્તિના સુખમાં પહોંચ્યા પછી ધામનું સુખ તે પણ શું અને મુક્તનું સુખ તે પણ શું? એવું એ મૂર્તિનું અલૌકિક, અનુપમેય સુખ છે.' એ જ બતાવે છે કે તેમણે ચોખ્ખી ઉપાસના યથાર્થ સાંખ્ય જ્ઞાન આપી સમજાવી. અને 'જ્યાં સુધી સમગ્ર મૂર્તિ દેખે ત્યાં સુધી જીવની વૃત્તિ કહેવાય. જ્યારે મૂર્તિમાં સંલગ્ન થાય-રસબસ થાય-પુરુષોત્તમરૂપ થાય ત્યારે જીવસત્તાએ મૂર્તિ દેખી

કહેવાય' એવી સ્થિતિ ન થાય ત્યાં સુધી યોગ સિદ્ધ કર્યા કરવો જે 'મને મહારાજ મળ્યા ત્યારથી મૂર્તિમાં રાખ્યો છે ને બોલે છે, ચાલે છે તે મહારાજ કરે છે' એવું મનન રાખવું. એવી લટક એવી યોગકળા અને યોગનિદ્રા જે સૂતી વખતે તે મૂર્તિમાં લુબ્ધ થઈ સૂવું એવો યોગ માર્ગ શિખવ્યો. આવી રીતે દઢ યોગ ને સાંખ્ય દ્વારા સર્વોપરી ઉપાસના સમજાવી. પોતે અદ્રશ્ય થયા ત્યાં સુધી જીવો બધા પોતાના સરખા કેમ થાય? મૂર્તિના સુખે સુખિયા કેમ થાય? એ જ બિરદ-ધ્યેય -કર્તવ્ય સામી નજર રાખી છે. 'આ વખતે મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય એવું છે. આ ટાણે મૂર્તિનો સાક્ષાત્કાર નહિ કરો તો પછી કોણ કરાવશે? માટે આ કરો, આ કરો, બીજું સર્વે પડ્યું મૂકો.' આમ જે તે પ્રકારે જીવોને મહારાજ ને મોટા જેમ છે તેમ ઓળખાય અને સર્વ એ મૂર્તિમાં નિમગ્ન રહે એ જ તાન હતું. એમ તેમની વાતો ને વર્તન ઉપરથી સ્પષ્ટ દેખાતું ને દેખાય છે.

બાપાશ્રી મુખ્યત્વે નિશ્ચય, મહિમા, આજ્ઞા અને ઉપાસનાના બળની વાતો ઘણી કરતાઃ- 'એક જીવને ઉગારો તો એક બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય થાય, કારણ કે તેને ચોરાસીમાં અનંતવાર મરવું અને અવતરવું પડે તે મટી ગયું, એમ બ્રહ્માંડ ઉગાર્યા જેટલું પુણ્ય કહ્યું છે.' એવી જ રીતે 'અમને કોઈ ખતરાવશો નહિ, આ જોગ-સમાગમ-સત્સંગને

વગોવશો નહિ. જડ માયા (દ્રવ્ય) ને ચૈતન્ય માયા (સ્ત્રી)નો ત્યાગ દઢપણે રાખજો. તમે તો એ બે વાતના હરામના સમ ખાઈ બેઠા છો. દ્રવ્યમાં તો સ્ત્રી પણ ભેગી આવી ગઈ, માટે તે પાપને તો રાખવું જ નહિ.' જ્યારે કોઈ મહારાજ ને મોટાની બાંધેલી ધર્મ મર્યાદાનો ભંગ કરે ત્યારે પોતે ઘણા જ દિલગીર થઈ જતા અને તે પોતાનો સંબંધી હોય અથવા બીજો કોઈ પણ હોય તો પણ તેનો પક્ષ નહિ રાખતાં ધર્મનો પક્ષ રાખી તેને પ્રાયશ્ચિત આપતા-અપાવતા, એવો તેમનો ધર્મ પાળવા-પળાવવાનો આગ્રહ હતો.

સવાલ એ થાય છે કે સત્પુરુષનો મહિમા યથાસ્થિત કોણ કહી શકે? ઉત્તર જેટલો સહેલો છે તેથી વિશેષ મુશ્કેલ સમજવામાં છે. મોટી વસ્તુ નાની વસ્તુને યથાસ્થિત જાણે, દેખે પણ નાની વસ્તુ મોટી વસ્તુને યથાસ્થિત જાણી-દેખી શકતી નથી. તદનુસાર અનાદિ મુક્તનો યથાસ્થિત મહિમા સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન એક જ સમજાવી શકે અથવા તેમના અનાદિ મુક્તો બરાબર સમજાવી શકે અથવા તો મહારાજ ને મોટાની કૃપાથી તેમના સરખી સ્થિતિ થઈ હોય તે સમજાવી શકે. આ વાત જે અનુભવ કરી સિદ્ધ કરે તેને જરૂર એમ જણાય જે અનાદિ મુક્ત અહીં દેખાય તોપણ તેઓ મૂર્તિમાં રહ્યા થકા જ દેખાય છે. જેમ પૃથ્વી જળમાં રહી છે ને બહાર દેખાય છે, તેમ અનાદિ મુક્ત તે

સુખમાં લુબ્ધ જ છે ને શ્રીજી ઇચ્છાથી મનુષ્યરૂપે દેખાય છે. તેમને તો એક મહારાજ જ કર્તા છે. વચનામૃતમાં કહ્યું છે જે સત્પરુષ સરખી સ્થિતિ થયા વિના સત્પુરુષનો મહિમા બરાબર જણાતો નથી અને મહિમા જાણ્યા વિના સ્થિતિ પણ થતી નથી, માટે જેમ બને તેમ સત્પરુષ જે સ્વસિદ્ધ અનાદિ મુક્ત તેમની સાથે હેત કરી મહિમા સમજવો. તેમણે જે યુક્તિ-લટક-મંત્ર આપ્યો હોય તે મનન, નિદિધ્યાસ કરી તેમના સરખી સ્થિતિ કરવી. એ ધ્યેય જે મુમુક્ષુ રાખે તે જ સત્સંગમાં દિન પ્રતિદિન આગળ વધે છે, અને અનાદિ મુક્ત એ કયું તત્વ છે તે બરાબર સમજી શકે છે.

આવી સ્થિતિ થવાની લટક-ઉપાય-રસ્તો-મહામંત્ર, અનેક અનુભવસિદ્ધ રીતિઓ સાથે બાપાશ્રીની વાતોમાં નજરે પડે છે. માટે બાપાશ્રીની વાતોનું પુસ્તક છતે દેહે- બાપાશ્રીના શબ્દોમાં કહીએ તો “છ માસની અંદર” મૂર્તિ સિદ્ધ કરવી હોય એવા મુમુક્ષુને જ ઉપયોગી અને રસદાયક થઈ પડશે. કહેવાની જરૂર નથી કે આવી મુમુક્ષુતામાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ ગુણો સિદ્ધ કરી એક મૂર્તિ આકારે વૃત્તિ થઈ હોય અને '**अर्थं साधयामि वा देहं पात्यामि**' [સિદ્ધિ (ધ્યેય) પ્રાપ્ત કરીશ અથવા દેહ ત્યજી દઈશ.] એવી શ્રદ્ધાનો જે મુમુક્ષુમાં જન્મ થયો હોય એવા મુમુક્ષુને જ આ સંગ્રહ રસદાયક થશે. આવી મોટી તૈયારી કરનારમાં કેવાં કેવાં

લક્ષણો-ગુણોની આવશ્યકતા છે? અને તે ગુણો કયા કયા તે જાણવું જ જોઈએ અને તેને જ મુમુક્ષુ જાણવો. હવે મુમુક્ષુ કોને કહીએ તે વિચારીએ:-

તે જ મુમુક્ષુ ખરો કે જે કેવળ પોતાનું નામું રોજે રોજનું રાખે છે. ૧

તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાના દોષને જ જાણે છે ને ટાળવા તનતોડ યત્ન કર્યા કરે છે. ૨

તે જ મુમુક્ષુ ખરો કે જે ચાડી, ચુગલી, નિંદા, ટીકા, કુથલી આદિ મનોવિકારને તિલાંજલિ આપી એક મૂર્તિનો જ સાક્ષાત્કાર કરવા માંડયો રહે છે. ૩

તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાના ઉક્ત ધ્યેયમાં જ નિમગ્ન રહે છે. ૪

તે જ મુમુક્ષુ ખરો કે જે શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. અને શ્રી ગોપાળાનંદ સ્વામી આદિ અનાદિ મુક્તો છે એવું જાણીને કેવળ બીજા આગળ તેવી વાતો કરી તૃપ્તિ નથી પામતો પણ વર્તનમાં ઉતારવા યત્ન કરે છે. ૫

તે જ મુમુક્ષુ ખરો કે જે અનાદિ મુક્તનાં લક્ષણ જાણી તેવાં પોતામાં આવ્યાં છે કે નહિ તેની જ એક ચિંતા રાખે છે. ૬

તે જ મુમુક્ષુ ખરો કે જે પામર અને વિષયી જેવા જીવોમાંથી પણ એકલા ગુણને જ ગ્રહણ કરે છે. ૭

તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાના બરોબરીઆ સાથે સ્નેહ ને મિત્રાચાર રાખે છે. ૮

તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાથી નાના જે વિષયી ને પામર જેવા જીવો તેમના અવગુણને જોતા છતાં તેમના પ્રત્યે દયા રાખે છે ને હેત ને માયાળુ દૃષ્ટિએ તેમને જુએ છે. ૯

તે જ મુમુક્ષુ ખરો કે જે પોતાથી મોટા હોય તેમના આગળ સ્તબ્ધ રહી એક ચિત્તે તેમની વાણી-વર્તનનું અવલોકન કરી પોતાના જીવન સાથે સરખાવી પોતાની જ કસોટી કર્યા કરે છે. ૧૦

તે જ મુમુક્ષુ ખરો કે જે જીવે ત્યાં સુધી કોઈનો ગુરુ થતો નથી. ૧૧

તે જ મુમુક્ષુ ખરો કે જે જીવન પર્યંત શિષ્ય-સેવક -દાસાનુદાસ થઈ સત્સંગમાં રહે છે. ૧૨

શ્રીજીમહારાજે કહ્યું છે જેઃ-

**"દાસના દાસ થઈ જે રહે સત્સંગમાં,**
**ભક્તિ તેની ભલી માનીશ રાચીશ તેના રંગમાં."**

વળી સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે જે દાસ તમારા દાસનો મને રાખો નાથ હજૂર; એ વર માગું છું. આવા મુમુક્ષુને બાપાશ્રીની વાણી એક ખારા સમુદ્રમાં મીઠી વીરડી તુલ્ય શાંતિદાયક થશે.

હવે રહ્યા તે ભક્તજનો જે રાત્રિ દિવસ સમાગમ કરે છે, કથા વાર્તા કરે છે પણ પોતે ધ્યાન કરી સ્થિતિ કરવામાં આળસુ, પ્રમાદી રહેનારા; તેઓ ઘણે ભાગે બીજાના ગુણ અવગુણ જોવામાં પણ રોકાય છે. આ વર્ગ દયાને પાત્ર છે. છતાં જો તેઓને અનાદિ મુક્તની પંક્તિમાં ભળવું હોય, અનાદિ મુક્ત જે સુખ, સામર્થી ને પ્રકાશનો અનુભવ કરે છે તે સુખ લેવું હોય તો તેમણે સંગશુદ્ધિ ને નિર્દોષ બુદ્ધિ કરવી અતિ આવશ્યક છે. આવી બુદ્ધિ મેળવવાની રાજા ચાવી એક છે અને તે આ રહી.

પ્રથમ તેણે શ્રી સ્વામિનારાયણ ભગવાનની શ્રી ઘનશ્યામ મહારાજની ઊભી, બેઠી ગમે તે મૂર્તિ જેમાં પોતાને અતિશય સ્નેહ હોય તે મૂર્તિ આગળ શાંત ચિત્તે બેસી ગઈ ગુજરી માટે પશ્ચાત્તાપ કરીને નીચે મુજબ વિચાર કરવો:

(૧) **"તુલસી જાકે મુખનસે, ભૂલેઈ નિકસે રામ;**
**તાકી પગકી પેનીયાં, મેરે તનકી ચામ."**

જે માત્ર પોતાના ઈષ્ટદેવનું નામ સ્મરણ કરતો હોય, બીજાં સાધન ભલે ઓછા હોય તેને પણ પોતાથી અધિક માનવો.

(૨) ગીતા વિષે શ્રીધરસ્વામી, શંકરાચાર્ય, રામાનુજાદિક અનેક વિદ્વાનોએ જુદી જુદી ટીકા કરી શાસ્ત્રના અર્થ

સમજાવ્યા છે તો વચનામૃત તેમ જ આપણા ઇષ્ટદેવના મહિમાનું કોઈ પોતાની સમજ પ્રમાણે વર્ણન કરે તેમાંથી આપણને જેટલું યોગ્ય જણાય તેટલું ગ્રહણ કરી બાકીનું પડ્યું મેલવું.

(૩) હાથી ને સાત આંધળાના દ્રષ્ટાંતનું મનન કરી સિદ્ધાંત સમજવો જે જેને જેમ સમજાણું, અનુભવાણું તેમ લખ્યું છે. તે વચનામૃતમાં પણ કહ્યું છે જે ગાયનું મુખ દીઠું, પૂચ્છ દીઠું, પણ સમગ્ર ગાય કોઈએ દીઠી નથી માટે જ્યારે સમગ્ર મૂર્તિ એકકાળાવિચ્છિન્ન અનુભવાય ત્યારે જ ખરી મુમુક્ષુતા જન્મે છે. પછી હમેશાં સ્વસ્થ અને આનંદ ચિત્તે તે મૂર્તિ સન્મુખ બેસી ગદ્‌ગદ કંઠ અને રોમાંચિત ગાત્ર થઈ એક નજરે તે મૂર્તિ ધારવી. એમ દરરોજ સવાર સાંજ શ્રધ્ધા પ્રમાણે નિયમિત ધ્યાન કર્યા કરવું.

પ. પૂ. બાપાશ્રીની વાણીમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, આજ્ઞા, ઉપાસનાદિ ઘણા વિષયો છે. પરંતુ મુખ્યત્વે કેટલાક શબ્દો સાધનદશાના અને કેટલાક સિદ્ધદશાના તેમ જ સિદ્ધદશા પામવા માટેના જોવામાં આવશે. અહીં ખાસ વિવેક દષ્ટિની જરૂર છે. અને જે વિવેક દષ્ટિ રાખી કેવળ પોતાનું ધ્યેય જે મૂર્તિનો સાક્ષાત્કાર કરવો તે સામી જ નજર રાખે છે તેને તો અકેકો બોલ લાખ લાખ હીરાનો અમૂલ્ય થઈ પડશે. પરંતુ જેઓ અર્ધદગ્ધ દશામાં ઉભા રહી આગળ વધવામાં

આળસુ પ્રમાદી હશે તે '**संशयात्मा विनश्यति**' [શંકાશીલ જીવ નાશ પામે છે] તેમ અપૂર્ણ દશામાં રહી, પૂર્ણ દશાનો નિર્ણય, પોતાની માયિક બુદ્ધિથી કરવા યત્ન કરશે તેને લાભને બદલે હાની થવા સંભવ છે. તેઓ જો પૂર્વાપર વચનામૃતના સિદ્ધાંત સાથે આ વાતોના સિદ્ધાંતો સરખાવી જે સિદ્ધાંતો તેમને વચનામૃત સાથે મળતા માલુમ પડે તેનું જ ગ્રહણ કરશે ને જે ન સમજાય તે માટે મુમુક્ષુતા રાખી દાસભાવે જાણવા ઇચ્છશે તેને સમજાવનાર જરૂર મળી આવશે. જેમ કે વચનામૃતમાં કહ્યું છે જે સમુદ્રના કિનારે ઊભેલાને ઝાડ, પહાડ, મનુષ્ય, પશુ, પક્ષી તેમ જ સમુદ્ર એ સર્વે પૃથક પૃથક દેખ્યામાં આવે છે પરંતુ તે જ્યારે વહાણમાં બેસી સમુદ્ર મધ્યે જાય ત્યારે ઊંચુ નીચું સર્વત્ર જળ જ દેખે, પણ બીજું કાંઈ દેખે જ નહિ. તેમ જે વહાણને દ્રષ્ટાંતે મૂર્તિમાં જ નિમગ્ન રહે તેને એક મૂર્તિ જ દેખાશે ને મૂર્તિ જ બોલે છે, જમે છે, જુએ છે, સાંભળે છે, સર્વ ક્રિયા મૂર્તિ જ કરે છે ને હું તો મૂર્તિના સુખમાં લુબ્ધ છું એમ અનુભવ થશે. એવી સિદ્ધદશા પામવા માટે બાપાશ્રીએ કહ્યું છે જે જ્યારથી મહારાજ અને મોટા મળ્યા ત્યારથી તમે સર્વે અમારા સરખા થઈ ચૂક્યા છો એમ નિશ્ચય દૃઢ રાખજો પણ જ્યાં સુધી એવો અપરોક્ષ અનુભવ ન થાય ત્યાં સુધી સિદ્ધદશા પામવાનો મંત્ર ચાલુ રાખજો. પણ સાધુ થયા કે સત્સંગી થયા એટલે પૂરું થયું એમ માની

આળસુ થઈ બેસી રહેશો નહિ. સિદ્ધદશા ન આવે ત્યાં સુધી છૂપું નાસ્તિકપણું રહે છે, એ વચન સામી નજર રાખજો. એવી રીતે મહારાજ ને મોટા મળ્યા તે રૂપી સ્વરૂપનિષ્ઠાના બળની સાથે સૂક્ષ્મ કર્તવ્ય જે ધ્યાન કરવું-આપોપું કરવું -પુરુષોત્તમરૂપ થવું તે ચાલુ રાખવું. વચનામૃતમાં પણ એમ જ કહ્યું છે જે પોતાના સ્વરૂપને જાણતો જોતો નથી તે જ અજ્ઞાની છે. એમ સૂક્ષ્મ દૃષ્ટિવાળા મુમુક્ષુને કર્તવ્યપરાયણતાનો ઉપદેશ આપેલો છે. એમ આ વાતોનો સોંસરો અભિપ્રાય શું છે તે મુમુક્ષુને જ યથાર્થ જાણ્યામાં આવશે; ટુંકમાં શ્રી સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે અને હું તથા અનાદિ મુક્ત સર્વે તે મૂર્તિમાં રસબસ છીએ એવું શ્રવણ થયા પછી તેનું મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર કરવાની ઇચ્છા થઈ હશે એવા મુમુક્ષુને બાપાશ્રીની વાણી એક અનુભવી સદ્‌ગુરુની ગરજ સારશે.

**तत्र यच्छ्रवणं प्राज्ञैः स्तुतं तद्दीपसन्निभम् ।।**
**दीपिका सदृशं प्रोक्तं साधनं मननं तथा ।। १ ।।**
**तन्निष्पाद्यो निदिध्यासो बुधैरुक्त स्तडित्समः ।।**
**साक्षात्ता तु त्रिकुड्भूता कीर्तितौर्वाग्निसन्निभा ।। २।।**

[તેમાં (ભક્તિમાં) જે શ્રવણ (ભક્તિ) છે તેને પ્રાજ્ઞપુરુષો દીવા જેવી માને છે અને મનન (ભક્તિ)ને દીવી જેવું સાધન માને છે. એ બંને ભક્તિથી નિદિધ્યાસ

(ધ્યાન-સમાધિ) ઉત્પન્ન થાય છે. તેને પંડિતોએ વિદ્યુત સમૂહ કહ્યો છે અને સાક્ષાત્કાર એ ત્રિકુટ છે અને ઔર્વ અગ્નિ જેવો (સર્વ કર્મોને ભસ્મ કરનારો) છે.

અનાદિ મુક્તો જે સ્થાનમાં, જે સ્થિતિમાં અને જે સુખમાં રહ્યા છે તે સ્થાનમાં, તે સ્થિતિમાં અને તે સુખમાં જેને રહેવું હોય-શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી બ્રહ્માનંદ સ્વામી, શ્રી પર્વતભાઈ, શ્રી અબજીબાપા આદિ જેવા જેને થવું હોય તેને માટે બાપાશ્રીની વાતોનો સંગ્રહ એક સાક્ષાત્કાર કરાવનાર માર્ગદર્શકનું કામ કરશે એ નિઃસંદેહ છે.

## પ્રકરણ : ૨

# શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલ વિશ્વવ્યાપક સત્સંગ અને આદર્શ તત્ત્વજ્ઞાન

**त्वमेव माता च पिता त्वमेव**
**त्वमेव बन्धुश्च सखा त्वमेव**
**त्वमेव विद्या द्रविणं त्वमेव**
**त्वमेव सर्वं मम देव देवं**

[આપ જ મારા માતા છો, અને પિતા પણ આપ જ છો; આપ જ ભાઈ છો, અને મિત્ર પણ આપ છો; આપ જ વિદ્યા (જ્ઞાન) છો, ધન (સંપત્તિ) પણ આપ છો; આપ જ મારું સર્વસ્વ દેવાધિદેવ છો.]

હિંદ જ્યારે અનેક પ્રકારની સામાજિક, રાજકીય અને આધ્યાત્મિક વિટંબનાઓમાંથી પસાર થતો હતો, ત્યારે શ્રીજીએ સત્સંગ સ્થાપ્યો. ફક્ત એક સૈકાના ત્રીજા ભાગમાં, પોતાનું સર્વકર્તા, સર્વકારણ, સર્વાધાર, સર્વનિયંતા, સર્વોપરી પ્રકટ પુરુષોત્તમપણું પ્રસિદ્ધ કરી પોતાની હયાતીમાં અસંખ્ય પરમહંસ તથા ગૃહસ્થ અનુયાયીઓ કર્યાં,

મંદિરો કર્યાં, શાસ્ત્રો કર્યાં.

**ન્હોતી દીઠી ન્હોતી સાંભળી રે**

**પ્રગટાવી એવી પુનીત, પુરુષોત્તમ પ્રગટી રે...**

સ્વયં પોતે પ્રગટ થાય ત્યારે શું ન કરી શકે? છતાં આ વિજયના રહસ્ય તળે મુખ્ય બે હેતુ જણાય છે.

(૧) બીજાની લીટી ભૂંસ્યા સિવાય નાની કરી બતાવી.

(૨) ખંડનમંડનાત્મક શુષ્ક વિતંડાવાદને બાજુ મૂકી શાસ્ત્રોક્ત દરેકે દરેક મુખ્ય સિદ્ધાંતોને જીવનમાં ઉતારનાર, સાધુ જીવન જીવતા, અનેક ગૃહી ત્યાગી આદર્શ સત્પુરુષો ઘડ્યા.

શ્રીજી કહે છે આપણને જેમ વિષ્ણુ, શિવાદિક દેવ માન્ય છે તેમ વિશિષ્ટાદ્વૈત અને વેદાદિ આઠ સત્શાસ્ત્ર માન્ય છે. "ધર્મ સહિત ભક્તિ કરવી" એ રહસ્ય હોવાથી, આજ્ઞા માટે સર્વજીવહિતાવહ એવી 'શિક્ષાપત્રી' આપી અને ઉપાસના માટે પોતાનું તાત્ત્વિક રહસ્ય 'વચનામૃત' આપ્યું. વળી બધા મતોનું વિશ્લેષણ કરી બતાવ્યું કે "કોઈ મતમાં આત્મજ્ઞાન છે તો ત્યાગ ને ઉપાસના નથી ને કોઈ મતમાં ત્યાગ છે તો આત્મજ્ઞાન ને ઉપાસના નથી." આથી આપણા સદ્ગુરુએ ગાયું કેઃ-

**'ભુંડા શીદને ભટકો છો મત પંથમાં રે લોલ,**

**આવો સત્સંગ મેલીને મોક્ષરૂપ નરનારી જોઈએ તે આવો..'**

**સદ્. પ્રેમાનંદ સ્વામી**

આવી રીતે અન્ય સંપ્રદાયવત્ એકદેશીય મત, પંથ કે વાડો નહિ બનાવતાં, **શ્રીજીએ એક વિશ્વવ્યાપક વિશ્વધર્મ તરીકે સત્સંગ સ્થાપ્યો.**

શ્રીજીના ઉપદેશો એટલા સાદા, સરળ અને સચોટ છે કે શુદ્ધ ચારિત્ર્યશીલ મુમુક્ષુ સહેજે શ્રીજીના સ્વરૂપનું જ્ઞાન ને મહાત્મ્ય સમજી, સહેજે શ્રીજીરૂપ થઈ શકે. સ્વયં ભગવાન શ્રી સહજાનંદ સ્વામી ઉર્ફે શ્રી સ્વામિનારાયણ ભગવાન મુખકમળ નિઃસૃત વચનામૃત એટલે આપણી પવિત્ર અને સર્વ શ્રેષ્ઠ **શ્રુતિઓ.** જ્યારે બાપાશ્રી જેવા સ્વસિદ્ધ અનાદિ મુક્તની વાતો એટલે આપણી પવિત્ર અને સર્વ શ્રેષ્ઠ **સ્મૃતિઓ.** વચનામૃત સ્વતઃ પ્રમાણ છે, જ્યારે વાતો તેના પર આધારિત છે. માટે બાપાશ્રી કહે છે કે, 'પ્રત્યક્ષનાં શાસ્ત્ર કણને ઠેકાણે છે; વચનામૃત ભોજનને ઠેકાણે છે.'

આપણી આ શ્રુતિઓનું પરમ ધ્યેય-પરમ સાર એક ઉપાસના-એક સ્વરૂપનિષ્ઠા-એક અને અજોડ મૂર્તિ સ્વયં શ્રીજી પ્રાપ્તિ છે. આ શ્રુતિઓનો આત્મા કે વચનામૃતનું રહસ્ય એક સ્વરૂપનિષ્ઠામાં જ પર્યવસાન પામે છે. દરેક વચનામૃતના મથાળે 'દાદાખાચરના દરબારમાં અમુક વસ્ત્ર પહેરી અમુક મુખારવિંદે શ્રીજી વિરાજમાન હતા' એ આ રહસ્યનું દ્યોતક છે.

હવે આપણા સદ્. ગોપાળાનંદ સ્વામી આદિ અનેક

સ્મૃતિકારોનાં ગદ્યપદ્યાદિ ગ્રંથોનું અવલોકન કરીશું તો જણાશે કે તેમનુંય પરમ ધ્યેય ને પરમ રહસ્ય એક મૂર્તિ જ છે.

'જે સ્વંય પુરુષોત્તમ ભગવાન છે તે તો આ ફેરે જ આવ્યા છે.'

'શ્વેત તેજને વિષે ભગવાનની મૂર્તિ છે તે તેજમાં ભગવાનની મૂર્તિ જોઈને આનંદ પામવો.'

**સદ્. ગોપાળાનંદ સ્વામી**

'સાંખ્ય, યોગ, વેદાંત ને પંચરાત્ર એમનું તત્ત્વ તો એક શ્રીહરિની મૂર્તિ છે.'

'સર્વેનાં સુખ જોવાં ને સર્વેનાં રૂપ જાણવાં ને એક ભગવાન વિના બીજામાં માલ નહિ, એવું જ્ઞાન શીખવું.'

**સદ્. ગુણાતીતાનંદ સ્વામી**

'એ મૂર્તિના સુખમાં પહોંચ્યા કેડે ધામનું સુખ તે શું? અને મુક્તકોટિનું સુખ તે પણ શું? એવું મૂર્તિનું સુખ છે.'

**શ્રી અબજીબાપા**

આવી રીતે સબીજ સાંખ્ય કહે છે કે સ્વરૂપ, સ્વભાવ ને સામર્થી ઇત્યાદિ વડે અક્ષરધામ ને અનાદિ મુક્તો કરતાં એક ને માત્ર એક શ્રીજી શ્રેષ્ઠ છે; તો પછી અન્ય અક્ષરાદિક અવતારો કરતાં શ્રેષ્ઠ છે, એમાં શું પૂછવાનું હોય? માટે યુગલ સ્વરૂપની ઉપાસના કરતાં એક સ્વરૂપની ઉપાસના અધિક છે. આનું નામ ઉપાસ્ય શુદ્ધિ.

ઉપાસક, ઉપાસ્ય સાથે જેટલા પ્રમાણમાં પોતાનું ઐક્ય સાધે તેટલા પ્રમાણમાં તેની ઉપાસના શુદ્ધ કહેવાય. આવું ઐક્ય સાધવા માટે બે માર્ગ પ્રસિદ્ધ છે. (૧) બ્રહ્મજ્ઞાન, (૨) ભક્તિ.

## (૧) બ્રહ્મજ્ઞાન

દેહને હવાની જરૂર છે તેટલી, બલ્કે, વધારે આત્માને શાસ્ત્રો ને સત્પુરુષોની જરૂર છે. આત્મા જ્યારે પોતે પોતાને ઓળખે (know thyself) જે હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? ક્યાં જવાનો છું? મારો આ જગત સાથે ક્યારનો-કેટલો ને કેવો સંબંધ છે? અને અસંખ્ય બ્રહ્માંડો જેની એકાદિ નાનામાં નાની ભેદ શક્તિની અસંખ્ય લીલા પૈકીનું એક કાર્ય છે એવા પરબ્રહ્મ શ્રીજી સાથે મારે કેવો સંબંધ હતો? છે? અથવા કરવાનો છે? ત્યારે અને માત્ર ત્યારે જ શાસ્ત્રો અને સત્પુરુષો કરતાં પણ વધારે જરૂર એક તેને જ ઓળખી તેમય-તદ્રુપ-તલ્લીન-રસબસ થવાની છે.

**"જે જેનું ચિંતવન કરે તે તેમય થઈ જાય,**
**શ્રીજી ચિંતી શ્રીજીમય થવું કીટ્ ભ્રમરને ન્યાય."**

હવે જેવી રીતે વચનામૃતમાં પારમાર્થિક સંયમ એટલે આપણા ઇષ્ટદેવ શ્રીજી સાથે સાધર્મ્યપણું પામી-તાદાત્મ્ય સંબંધ વડે તદ્રુપ, તલ્લીન થવા રૂપ ઉપાસન વિધિ છે અને તદાશ્રિત-તદુપયોગી વ્યવહાર સંયમ એટલે એ ઉપાસનાને

ઉપયોગી સહાયરૂપ ઉપકરણ તરીકે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિનાં નિર્મળ નીર નજરે પડે છે; તેવી રીતે આપણા ૫. પૂ. સ્મૃતિકારોના ગ્રંથોમાં પણ છે. ઉપાસક-ભક્તના બે પ્રકાર છે. અને વસ્તુતાએ જેમ કલ્યાણનો માર્ગ એક જ છે, તેમ ઉપાસન વિધિ પણ એક જ છે; છતાં પાત્ર પરત્વે અનેક પણ છે. તેમાં મુખ્ય બે પ્રકારના ભક્તોની અપેક્ષાએ બે પ્રકાર શ્રીજી ગણાવે છે. "તેમાં એકને ભગવાનનો નિશ્ચય તો યથાર્થ છે પણ તે દેહાત્મ બુદ્ધિ સોતો ભગવાનનું ભજન કરે છે. અને બીજો તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહ તેથી પર ને ચૈતન્યરૂપ એવું પોતાના સ્વરૂપને માને ને તે પોતાના સ્વરૂપને વિષે ભગવાનની મૂર્તિ ધારીને ભગવાનનું ભજન કરે."

'આઠ પહોર ભજન કરવું જે હું દેહ નહિ ને દેહમાં રહ્યો એવો જે હું આત્મા છું-બ્રહ્મ છું-અક્ષર છું ને મારે વિષે પરમાત્મા-પરબ્રહ્મ-પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે.'

**સદ્. ગુણાતીતાનંદ સ્વામી**

'હરિભક્ત હરિકથાનું શ્રવણ મનનાદિ સર્વ ક્રિયા કરે છે તે દેહાભિમાનરૂપ રાહુ ગ્રસ્ત થકા કરે છે, માટે વિવેકના વચનામૃત (અ. ૨) પ્રમાણે નાહી ધોઈ પૂજા કરવી.'

'જીવને મોક્ષને માર્ગે ચાલવું કઠણ છે, તે સંસારમાંથી સત્સંગી થવું-આજ્ઞા પ્રમાણે દશુંદ વિશુંદ કાઢવી-સાધુ થવું

-એકાંતિક સાધુને ઓળખી એમને સંગે રહેવું-આજ્ઞા પ્રમાણે વર્તવું. ભગવાનની નિરંતર સ્મૃતિ રાખવી (**उपासनं स्याद् ध्रुवानुस्मृतिः**). ઈંદ્રિયો અંતઃકરણ જીતીને ભગવાનનું જીવમાં ભજન કરવું તે કઠણ છે, ને તે કરતાં ચાર પ્રકારના પ્રલયે કરીને, ઉપશમ કરીને, પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સાથે એક કરીને, મહારાજની મૂર્તિનું ધ્યાન...અતિ કઠણ છે; ને તે સર્વ કરતાં પણ મૂર્તિમાં અતિ પ્રેમલક્ષણા ભક્તિએ કરીને સ્નેહ કરવો ને અક્ષરના સુખમાં ન લેવાય. મૂર્તિએ કરીને ગુલતાન રહે, એવા મુક્ત થવું સર્વથી અતિશે કઠણ છે. તેને સાધન માત્રનો અંત આવ્યો ને તે ભક્તને મૂર્તિનું કેવું સુખ આવે તો જેવું ભગવાનને પોતાનું સુખ આવે છે.'

સદ્. ગોપાળાનંદ સ્વામી

'માટે પોતાને શ્રી પુરુષોત્તમરૂપ (પ્ર. પ્ર. ૫૧) માનવું અથવા શ્રી પુરુષોત્તમના મુક્તરૂપ (જે. ૧) અથવા તેજરૂપ (મ. પ્ર. ૩૦-૫૦) માનવું. જેમ ચંદ્ર વડે ચંદ્રનું દર્શન થાય અને સૂર્ય વડે સૂર્યનું દર્શન થાય પણ ચંદ્ર વડે સૂર્ય જોવાય નહિ, તેમ શ્રી પુરુષોત્તમ વડે જ શ્રી પુરુષોત્તમનું દર્શન થાય પણ મૂળઅક્ષરરૂપ થવાથી શ્રી પુરુષોત્તમ પમાય નહિ; માટે પોતાને પુરુષોત્તમરૂપ માનવું.'

શ્રી અબજીબાપા

ઉપાસક ઉપાસ્યરૂપ થઈ ઉપાસ્ય (મૂર્તિ)નું સુખ

ભોગવે. એ ઉપાસનાની અતિ ઉત્તમ દશા છે. ઉપાસક ને ઉપાસ્ય વચ્ચે કોઈ આવરણ અંતરાય કરી શકે નહિ અને સહેજે સાક્ષાત્ પ્રાપ્તિ થાય એ હેતુથી વિવર્ત વાદાનુસાર નહિ, કિંતુ પરિણામ વાદાનુસાર જ્ઞાન પ્રલય વડે સર્વ તત્ત્વોનો એક બીજામાં અંતર્ગત ભાવ કરી આપણા અનુભવસિદ્ધ મહર્ષિઓએ ત્રણ દેહ ને ત્રણ અવસ્થા તેથી વિલક્ષણ એવો જે આત્મા તેની સર્વત્રપૂર્ણ સચ્ચિદાનંદ બ્રહ્મ મૂર્તિનું તેજ તે સાથે અથવા મુક્ત સાથે આપોપું-આત્મબુધ્ધિ કરીને અથવા સ્વયં શ્રીજી સાથે એકતા કરીને ચિંતવન-મનન કરવાનું કહ્યું છે.

**'ब्रह्म वेद ब्रह्मैव भवति'** [જે બ્રહ્મને જાણે છે તે સાક્ષાત્ બ્રહ્મ જ થઈ જાય છે.] **'मद्‌भावमागताः'** [મારાપણાને (મારા સ્વરૂપને) પ્રાપ્ત થયેલ (પામેલા)] **'परमं साम्यमुपैति'** [(તેવો સાધક) મારું ઉત્તમ સામ્ય (ઈશ્વર સ્વરૂપ સાથેની સમાનતા) પ્રાપ્ત કરે છે.] **'देवो भूत्वा देवं यजेत'** [દિવ સમા થઈને જ દેવની પૂજા-ઉપાસના થાય.] **'अहं तदेव तदेवाहम्'** [હું તે જ છું, તે હું જ છું. (હું અને તે બંને એક જ છીએ.)] **'सर्वंखल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत'** [આ સર્વ કંઈ બ્રહ્મ છે. તે બધું તેમાંથી ઉત્પન્ન થયેલું **(ज)** છે, તેમાં જ લીન થાય છે **(ल)** અને તેનાથી જ જીવિત રહે છે (પુષ્ટ થાય છે-**अन्**) આમ સમજીને શાંતભાવે તેની ઉપાસના કરવી જોઈએ.]**'अविभागेन दृष्टत्वात्'**

[તે ઈશ્વર તત્ત્વ અવિભક્તરૂપે જોવાયું છે (સાધકોએ જોયું છે)] **'भोगमात्रसाम्यलिंगाच्च'** [માત્ર વિષયભોગમાં જ સરખાપણું છે એ ચિહ્ન ઉપરથી... (નક્કી થાય)] **'जगद्व्यापारवर्जम्'** [જગતમાં ચાલતી ક્રિયા (જગત વ્યવહાર) સિવાય] વત્ દરેક ઉપાસક સ્વંય શ્રીજી સાથે પોતાનું ઐક્ય સાધી શકે છે એટલે વ્યષ્ટિ પરત્વે દરેક મુક્તને એક શ્રીજી સિવાય અન્ય પરાન્વય નથી. પર્યાય શબ્દોમાં, મહારાજ ને મુક્ત વચ્ચે અન્ય કોઈ ત્રીજી વ્યક્તિ નથી. શ્રીજી અપેક્ષાએ સૌ મુક્ત ન્યૂન છે, કિંતુ પરસ્પર સૌ સરખા છે. જેવા અનાદિ તેવા જ આજ થયેલા કે હવે પછી થનાર મુક્તો માટે બાપાશ્રી કહે છે કે ત્યાં ગયા પછી (મોક્ષદશામાં) જે સ્થળમાં સાધન કર્યું હોય તે સ્થાન કે એક શ્રીજી સિવાય આ અમુક વ્યક્તિ મારા ગુરુ છે, એવું રહેતું નથી.

માટે પોતાને મૂર્તિના તેજરૂપ, મુક્ત કે પુરુષોત્તમરૂપ માની એ ભાવના-વિચાર-પ્રકર્ષ દ્વારા શ્રીજી પ્રાપ્તિ-શ્રીજી સાક્ષાત્કાર કરવો; એ અલબત કઠણ છે, પરંતુ એ સિદ્ધાંત વાત છે. માટે સ્વસાનુકૂળ એકાદ માર્ગે પ્રયાણ કરી સાક્ષાત્ શ્રીજી પ્રાપ્તિ સાધ્યા પહેલાં, ઇતર માર્ગ, સાધન કે વિચાર શ્રેણીની ઉપેક્ષા, ઘૃણા કે નિષેધ કરવો એ હાસ્યાસ્પદ નથી?

વસ્તુ સ્થિતિ આવી છતાં, વિશિષ્ટાદ્વૈત અને કેવલાદ્વૈતનાં સિદ્ધાંતોના તુલનાત્મક અભ્યાસશૂન્ય કેટલાક

શંકા કરે છે કે એમાં તો મહારાજ ને મુક્ત અભેદ-એક થઈ જાય. સદ્. નિત્યાનંદ સ્વામીને કોઈકે પૂછ્યું જે આમાં (અમુક અન્ય પ્રસંગમાં) બાધ ન આવે? ત્યારે બોલ્યા જે 'બાધ બાધકમાં જેટલું તમે સમજો તેટલુંય શુકમુનિ નહિ સમજતા હોય?' આ ઓછું વિચારવા જેવું નથી. માટે આ શંકા એ અનાદિ મુક્ત સ્થિતિજન્ય જ્ઞાનશૂન્ય સાધારણ સાધકનું ચિહ્ન છે. જુઓ બાપાશ્રી કહે છે કે 'મહારાજની મૂર્તિમાં અનાદિ મુક્ત રહે છે તે એક થઈ જતા નથી; જુદા રહે છે ને દાસપણે રહે છે. જેની દૃષ્ટિ એટલે પહોંચી ન હોય તેને એમ જણાય જે ભગવાન થઈ જવાય, પણ ભગવાન શી રીતે થઈ જવાય? કેમ કે ધણી પાસેથી સુખ લે છે તે ધણીને કેમ ભૂલી જવાય? માટે સ્વામી-સેવકપણું તો રહે છે જ.' ઉપાસક ઉપાસ્ય સાથે જેમ જેમ આત્મબુદ્ધિ-આપોપું કરતો જાય, તેમ તેમ શ્રીજીનો મહિમા, સુખ ને સામર્થી અપાર ને અપાર જણાય છે. આથી અનાદિ મુક્તને શ્રીજીનો મહિમા, સુખ, સામર્થી ને પ્રકાશ બીજા કરતાં અતિશય અપાર જણાય છે. માટે તેમને બીજા સૌ કરતાં વધારે સ્વામી-સેવકભાવ રહે છે, એ સ્વાભાવિક છે. માટે અનાદિ મુક્તો બીજા સૌ કરતાં શ્રેષ્ઠ છે. આનું નામ ઉપાસન વિધિ કે ઉપાસક શુદ્ધિ.

વળી અધિકારી ભેદ પરત્વે આ માર્ગ સરળ ને સુગમ પણ છેઃ-

'ઇંદ્રિયો અંતઃકરણ વશ કરવાં, એ તો પૃથ્વીમાં ઘોડા ફેરવવા જેવું છે. ને પોતાને બ્રહ્મરૂપ માનવું એ તો ફળિયામાં ઘોડા ફેરવવા જેવું છે. વળી ચોસઠ લક્ષણ સાધુનાં કહ્યાં તે શીખવાં, એ પૃથ્વીમાં ઘોડા ફેરવવા જેવું કઠણ છે ને ચોસઠ લક્ષણવાળા સાધુમાં જોડાવું (મુક્ત સાથે આત્મબુદ્ધિ-આપોપું કરવું) એ ફળિયામાં ઘોડા ફેરવવા જેવું સુગમ છે.'

**સદ્. ગુણાતીતાનંદ સ્વામી**

એક વખતે આપણા આપ્તતમ પ. પૂ. સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામીને એક સત્સંગીએ પૂછ્યું જેઃ- 'મૂર્તિમાં શી... રીતે રહેવાય?' ત્યારે બોલ્યા જે, 'તમે દેહમાં શી રીતે રહો છો? રોટલા ખાવા હોય તો અહીંથી ચાલીને ભંડારમાં જઈએ ત્યારે... ને મૂર્તિમાં રહેવું ને મૂર્તિનું સુખ ભોગવવું એ તો સૂતાં સૂતાંય થાય!' પ્રશ્નનો કેવો સુંદર ખુલાસો! માટે જે મૂર્તિમાં રહે તેને બહાર રહેવું ને જે બહાર રહે તેને મૂર્તિમાં રહેવું કઠણ જણાય છે.

આવી રીતે બ્રહ્મજ્ઞાન-વિચારાત્મક પદ્ધતિ દ્વારા **'प्राप्तंप्राप्तव्यम्'** [જે મેળવવા જેવું હતું તે મેળવ્યું.] વત્ ધ્યેયસિદ્ધિનો ઉલ્લેખ આપણી શ્રુતિ સ્મૃતિઓમાં અનેક સ્થળે જોવામાં આવે છે. છતાં જેની ગ્રહણ શક્તિ આ સ્થિતિ પકડી શકે નહિ તેના માટે એક ધોરી રસ્તો એ છે કે આપણા શ્રુતિસ્મૃતિકારોએ બતાવેલી ઉપાસન પદ્ધતિના સર્વ

પૈકી જે માર્ગે સહેજે ને તત્કાળ શ્રીજી પ્રાપ્તિ -શ્રીજી સાક્ષાત્કાર થઈ શકે તે માર્ગ, તે પદ્ધતિ, તે રીતિ તેણે મુખ્યપણે ગ્રહણ કરવી.

## (૨) ભક્તિ

**'महात्म्यज्ञानयुग्भूरि स्नेहो भक्तिश्चमाधवे'**[ભગવાનમાં મહાત્મ્ય જ્ઞાને યુક્ત જે અત્યંત સ્નેહ તે ભક્તિ જાણવી.] **'सा परानुरक्तिरीश्वरे'** [ઈશ્વર વિષેનો પરમ અનુરાગ તે ભક્તિ] તે ભક્તિ સાધન અને સાધ્ય એમ બે પ્રકારની છે. સાધન ભક્તિ શ્રવણાદિ નવ પ્રકારની કહી છે; અને ૯X૯=૮૧ અને ૮૨મી સાધ્ય-પ્રેમલક્ષણા નામે કહી છે.

સ્વયં શ્રીજી એક પત્રમાં લખે છે કે "એવી રીતે ભક્તિ તથા વિચારને આલંબને કરીને દેહને માંહી અવકાશ પ્રત્યે સ્વાધીનપણે પ્રવેશ કરે ત્યારે જીવના સ્વરૂપને, પુરુષોત્તમનું સ્વરૂપ જેવું પ્રત્યક્ષ છે તેને તથા બ્રહ્મમહોલાદિક ધામને દેખે ને સંશય નિવૃત્તિ પામે."

વળી માનકુવાથી શ્રીજી, રાજબાઈ આદિ સમસ્ત બાઈ ભાઈ પ્રતિ લખે છે કે "પ્રત્યક્ષ પ્રમાણ મૂર્તિ નખ શિખ પર્યંત ચિંતવન કરવી. પોતાની આંખમાં ભગવાનની આંખ, કાનમાં કાન, પગમાં પગ, એવી રીતે સર્વે અંગ જોવાં; પોતાને વિષે પોતાનું સ્વરૂપ તે (મૂર્તિ) જ માનવું; તેથી (મૂર્તિથી) પોતે જુદો

ન માનવો; તેમની આંખ વડે તેમને જોવા; હીરે હીરો વેંધવો; એક પ્રભુ જ છે; હું નથી; એવી રીતે વૃત્તિ ભજનમાંથી નીકસવા દેવી નહિ તેનું નામ ભક્તિ."

આ બંને માર્ગમાં એક સરખો એક સાધારણ (Common) સૂર એક જ છે. અંતર્જ્ઞાન કે અંતર્દૃષ્ટિ. માટે શ્રીજી લખે છે કે વેદાંતશાસ્ત્ર (બ્રહ્મજ્ઞાન) કે ભક્તિશાસ્ત્ર (ભક્તિ)ને કહેવે સાંભળવે સુખ કે શાંતિ નથી. આગળ ચાલતાં શ્રીજી પોતાને મિષે આપણને શિખવવા માટે પ્રયોગ કરી ખાતરી કરવા માટે કહે છે કે. "અમે પણ એવી જ રીતે શાંતિને દીઠી છે. એ વચન જે અમારા હો તે સાચું માનજો."

હવે આ અંતર્જ્ઞાન કે અંતર્દૃષ્ટિ સંબંધે આપણા શ્રુતિસ્મૃતિકારોના વિચાર જોઈએ :-

"**મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતર્દૃષ્ટિ છે.** અંતર્દૃષ્ટિએ કરીને જે ભગવાનના ભક્તને વર્તવું તે જ્ઞાનયજ્ઞ છે અને એમ ને એમ કરતાં કરતાં પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ તેનું ફળ છે."

**ભગવાન સ્વામિનારાયણ**

'સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું તે કંઠમાં કરવું, હૃદયમાં કરવું ને જીવમાં કરવું. જ્યાં થાય ત્યાં કરવું તે જોતે જોતે ભગવાન સામું જોઈ રહેવું.'

(સદ્. સર્વનિવાસાનંદ સ્વામીને ઉદ્દેશીને) '**મૂર્તિ સામું જોઈ રહો.**'

**સદ્. ગુણાતીતાનંદ સ્વામી**

'આત્મામાં **પરમાત્માને અખંડ જોઈ રહે ત્યારે કાંઈ કરવું ન રહ્યું.**'

'મહિમા સમજે ત્યારે **શ્રીજી સામું જોઈ રહેવાય.**'

સદ્. ગોપાળાનંદ સ્વામી

'માટે મહારાજની મૂર્તિને જોવા મંડ્યા રહેવું. તો મહારાજ જાણે જે આ બિચારો મંડ્યો છે તો મહારાજ ઝળેળાટ દર્શન આપે.'

'**પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું,** મેખોન્મેખ આંખમાંથી પાણીની ધારા ચાલે ત્યાં સુધી જોવું. એમ ખરેખર અંતર્દષ્ટિથી જોઈ રહેવું.'

'ધ્યાન કરતાં એકેકું અંગ દેખાય એ નેત્રની વૃત્તિએ જોવાય છે એમ જાણવું. અને જ્યારે સમગ્ર મૂર્તિ દેખાય ત્યારે જીવની વૃત્તિએ જોવાય છે એમ જાણવું. અને જ્યારે મૂર્તિમાં સંલગ્ન થવાય ત્યારે વૃત્તિ ન જાણવી; જીવ સત્તાએ જોવાય છે, એમ જાણવું.'

**શ્રી અબજીબાપા**

તીવ્ર વૈરાગ્યવાળા કરતાં નિયમવાળાને, કેટલીક વખતે, વિશેષ વિષય જીતાય છે, તેમ બ્રહ્મજ્ઞાન કરતાં આ માર્ગ વધારે

સરળ, સુગમ, સર્વગ્રાહ્ય ને સમન્વયાત્મક હોઈ સૌ કોઈ સહેજે સ્વીકારી શકે એમ છે. વળી મુમુક્ષુને ઉચ્ચતર પાત્ર થવા માટે બ્રહ્મજ્ઞાન પૂર્વે અને ઉચ્ચતમ પાત્ર થવા માટે અથવા શ્રીજી પ્રસન્નતાર્થે અથવા લોક સંગ્રહાર્થે બ્રહ્મજ્ઞાન પશ્ચાત્ પણ ભક્તિ માર્ગની આજીવન આવશ્યક્તા છે જ, એ તેની ખાસ વિશિષ્ટતા છે. માટે

**भक्तया मामभिजानाति यावान्यश्चास्मि तत्वतः ।**
**ततो मां तत्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ।।**
**भक्तया त्वनन्यया शक्य अहमेवं विधोऽर्जुन ।**
**ज्ञातुं द्रष्टुं च तत्वेन प्रवेष्टुं च परन्तप ।।**

[સાધક ભક્તિ વડે હું કેવડો છું અને કોણ છું તે જાણી શકે છે અને મને વાસ્તવિક રૂપે જાણ્યા પછી તે મારામાં પ્રવેશે છે.

આમ, હે પરંતપ અર્જુન, આવા પ્રકારના મને અનન્ય ભક્તિ વડે જ વાસ્તવિક રૂપે જાણી અને જોઈ શકાય અને મારામાં પ્રવેશ કરી શકાય (મારામય બની શકાય)]

**'नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं'** [ભગવદ્‌ભાવ વિનાની નિષ્કર્મતા (કર્મમાંથી વિરામ) (એ પણ નિષ્ફળ છે)] **'परिनिष्ठितोऽपिनैर्गुण्ये'** [નિર્ગુણભાવમાં અચલ રહ્યો હોય તો પણ (તે નકામું છે)] **'आत्मारामाश्च मुनयः'** [આત્મામાં જ રમમાણ રહેનાર મુનિઓ]

"Love thy Lord & love thy neighbour as thyself"

જુઓ, લો. ૭માં જ્ઞાનની શ્રેષ્ઠતા કહી અને મ. ૧૦માં જ્ઞાન કરતાં ભક્તિને વિશેષ કહી છે, પરંતુ તે બન્નેની એક સરખી ગૌરવતા છે, એવું શુદ્ધ સમન્વયાત્મક સમર્થન રહસ્યાર્થમાં બાપાશ્રીએ સ્પષ્ટ કરી આપ્યું છે. બ્રહ્મજ્ઞાન અને ભક્તિ, તેમનાં સામાન્ય સ્વરૂપમાં, ભિન્ન ભિન્ન ભાસે છે; પરંતુ બન્નેની પરાકાષ્ઠા જ્યાં છે ત્યાં તે પર્યાય બની જાય છે. જેમ પ્રાણને નિરોધે ચિત્તનો ને ચિત્તને નિરોધે પ્રાણનો નિરોધ થાય છે, તેમ એકાદ સાધનના સંપૂર્ણ અનુષ્ઠાનમાં બીજાની સ્વાભાવિક સિદ્ધતા થઈ જાય છે.

આવી રીતે પ્રત્યેક અથવા તદંગભૂત અનેક માર્ગ આપણી શ્રુતિ સ્મૃતિ સિદ્ધ છે. માટે ઉપાસન પદ્ધતિના એકાદ માર્ગને માનવો ને બીજા માર્ગનો નિષેધ કરવો, એ આપણી સ્વયં શ્રુતિ સ્મૃતિનો નિષેધ કરવા બરાબર છે. જેવી રીતે હઠયોગ, રાજયોગ, મંત્રયોગ, લયયોગ વગેરેનાં સ્વરૂપ જુદાં જુદાં છે, પરંતુ પ્રયોજન ને ફળ એક જ છે તેવી રીતે આપણા ઉપરોક્ત સર્વ માર્ગ, સાધન પદ્ધતિ કે વિચારશ્રેણીનાં સ્વરૂપ જુદાં જુદાં છે, પરંતુ પ્રયોજન ને ફળ એક જ છે.

હવે પ્રત્યેક મુમુક્ષુ વ્યક્તિગત પોતે પોતાને પૂછે કેઃ- ગોપીઓની પેઠે સર્વ સ્ત્રીઓ પોતાના પતિ વિષે પ્રીતિ કરે છે છતાં પ્રાપ્તિમાં ફરક કેમ પડે છે? માયાથી પર-ધામમાં ગતિ

થઈ તે પ્રતાપ લાકડાના રથ ને ઘોડાનો કે તેના હાંકનારનો? તેમ બ્રહ્મજ્ઞાન ને ભક્તિ સર્વકાળે સર્વ સંપ્રદાયોમાં માન્ય છે. એટલે જે બીજે છે તે સત્સંગમાં છે પરંતુ એક વસ્તુ (શ્રીજી સ્વયં) જે સત્સંગમાં છે તે બીજે છે? તો તેનો જવાબ શું મળશે?

આવી રીતે આપણા સત્સંગરૂપી વર્તુળ (Circle)નું મધ્યબિંદુ (Central point) એક ને માત્ર એક શ્રીજી જ છે; અને બાપાશ્રી જેવા સર્વ અનાદિ મુક્તો-ધામ કે તીર્થરૂપ સઘળા સદ્‌ગુરુઓ અને તેમની વાતો એ સર્વ છે સહાયક શક્તિઓ (Subjective faculties) ઉપકરણ-સાધન કે શ્રીજીરૂપ મધ્ય બિંદુની ત્રિજ્યાઓ (Radii).

જેવી રીતે શ્રીજીએ વેદાદિ આઠ સત્શાસ્ત્રોનું સમર્થન કરી **'एतेषु यानि वाक्यानि'** તથા **'स श्रीकृष्ण...नः'** એ બે શ્લોકમાં શાસ્ત્ર સમજવાનો વિવેક બતાવ્યો છે, તેવી રીતે આપણા સદ્‌ગુરુઓએ શ્રીજી સિદ્ધાંતોનું જ સમર્થન અને શુદ્ધ સમન્વય સિવાય બીજું કશુંય કર્યું નથી.

હવે અહીં કદાચ કોઈ પૂછે કે આવા સુંદર સમન્વયાત્મક સર્વોપરી સત્સંગમાં મતભેદ જણાય છે કેમ?

ખરેખર! આ પ્રશ્નનો કોઈ એકાદ ખાસ અર્થ કરવો એ તેના એકાદ અવયવને સ્પર્શ કરવા બરાબર છે; તેમ જ પાત્રની ગ્રહણશક્તિ ભેદે એકાદ પાત્રને જ અનુકૂળ થઈ

શકે. માટે મુમુક્ષુ તેનું સમર્થન કરી વ્યષ્ટિ સમષ્ટિ સત્સંગાનુકૂલ સમાધાન સાધી શકે છે.

શાસ્ત્રમાં કેટલાક શબ્દ સાધનદશા/સિદ્ધદશા, અવરભાવ/પરભાવ, વસ્તુભેદ/દૃષ્ટિભેદ, અર્ધસત્ય કે ઔપચારિક સત્ય, પ્રારબ્ધ/પુરુષાર્થ, ક્રિયાસાધ્ય/કૃપાસાધ્યના જોવામાં આવે છે. એ સર્વનો વિષયવિભાગ કરી, પાત્ર ને પ્રસંગ પરત્વે ઘટાવવા સમન્વય કરવો જોઈએ.

**'वादे वादे जायते तत्वबोध'** [જેમ જેમ સંવાદ કરતા જઈએ તેમ તેમ તત્ત્વનું જ્ઞાન થતું જાય.] / **'वेदवादरतोन स्यात्'** [વેદના અર્થોના વિવાદમાં ન પડવું.]

પ્રથમ ઉક્તિ 'સો શાણે એક મત' **'समान शीले व्यसने सुसख्यम्'** [સમાન આચાર અને સમદુઃખિયામાં સારી મૈત્રી થાય.] વત્ એકાંતિક પાત્ર પરત્વે સાર્થક નીવડે છે. શુદ્ધ એકાંતિક જ્ઞાનાત્મક ચર્ચા-મનન-આપ-લે, મૌન (નિદિધ્યાસ)માં જ પરિણિત થાય છે. માટે બીજી ઉક્તિ **'वेदवादरतोनस्यात्'** [વેદના અર્થોના વિવાદમાં ન પડવું.] **'अंधवज्जडवत् मूकवच्च महीं चरेत्'** [આંધળાની જેમ, જડની જેમ અને મૂંગાની જેમ સંસારમાં ફરવું (રહેવું, આચરવું)] **'न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह'** [મોટે ભાગે આ સંસારમાં (ભક્તિ વિનાનું) જ્ઞાન કે વૈરાગ્ય કલ્યાણકારી થતું નથી.] **'ज्ञानं च मयि सन्यसेत्'** [જ્ઞાનને

મારામાં સમર્પિત કરવું.] **'उत्तमा सहजावृत्ति मध्यमा ध्यान धारणा शास्त्र चिंतना धमाः प्रोक्ता तीर्थयात्रा धमाऽधमाः'** [સહજવૃત્તિ ઉત્તમ ઉપાય છે, ધ્યાન ધારણા મધ્યમ ઉપાય છે અને શાસ્ત્ર ચિંતન, ધર્માચરણ અને  તીર્થયાત્રા છેલ્લી કક્ષાનો ઉપાય છે.] ઇત્યાદિ સૂક્ષ્મ દૃષ્ટયાત્મક વચનોવત્ શુદ્ધ એકાંતિક જ્ઞાનીને વિજ્ઞાનની ઉચ્ચતર ભૂમિકામાં દોરનાર આતિવાહિક છે. આ વચનો વિદ્વાનને સાધુતા ને સાધુને મુક્ત દશાની દિશ બતાવી રહ્યાં છે. આ દૃષ્ટિ જે મુમુક્ષુ કેળવે તે સ્વાત્મોન્નતિ મૂલક હોઈ પ્રતિનીક ગુણો સંપાદન કરી, અખિલ સત્સંગ સમાજોન્નતિ સહેજે સાધી શકે છે. આવા આદર્શશીલ એકાંતિકને મતભેદ કે વિરોધ કોણ જાણે કઈ જાતનું પશુ કે પક્ષી હશે? વિજ્ઞાન અનુભવ પ્રદેશમાં પુસ્તકિયા જ્ઞાન સિંધુબિંદુવત્ ભાસે છે. જે સિંધુમાં વિહાર કરે તે બિંદુમાં બૂડવા બાથોડિયાં કેમ ભરે? અર્થાત્ શુષ્ક વાદવિવાદ કરી સમય ને શક્તિ કેમ વેડફે? માટે બાપાશ્રી કહે છે કે એ માર્ગે ચાલવું નહિ.

એક વખતે આપણા પ્રાતઃસ્મરણીય અનાદિ મુક્તરાજ સદ્. બ્ર. નિર્ગુણાનંદજી સ્વામી, જેઓ એક સિદ્ધ યોગીરાજ, અંતર્યામી, ત્રિકાળદર્શી, સર્વજ્ઞ ને મૂર્તિના સુખ ભોક્તા હતા, એવું અનુભવનાર સત્સંગીઓ આજે પણ છે. તેમના ઉપર ગુજરાતથી કોઈકે કાગળમાં અનાદિ મુક્તરાજ લખ્યા હતા,

એટલામાં તો ભૂજના કોઈક ઊંચા નીચા થઈ ગયા ને બાપાશ્રી પાસે તે કાગળ લઈ આવ્યા!! બાપાશ્રીએ તરત જ ઉત્તર આપ્યો કે 'જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ ને અક્ષરાદિ સર્વને અનાદિ કહેવાય ને જે છે તેને ન કહેવાય?'

સંવત ૧૯૦૬માં, અમદાવાદના સભામંડપમાં, આપણા પ. પૂ. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીજીની પ્રકટ (સર્વોપરી) ઉપાસનાની વાતો કરી એ પ્રસંગનો સુંદર ચિતાર બાપાશ્રીની વાતોના પુસ્તકમાં છે, તે જાણવા જોગ છે. વળી સ્વામીશ્રી તો કોઈને નામ ધર્માદાનો ઉપદેશ કરતા નથી, એવું કોઈકે આચાર્યશ્રીને ભરવ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે 'હું જેના જીવમાં સ્વામિનારાયણ ઘાલું છું તે બીજે ક્યાં ને કોને ધર્માદો આપશે?' વળી સ્વામીશ્રી પશુને જાતે દાણા નીરતા તે જોઈ કોઈકે કહ્યું લોભ તો જુઓ! આવા ક્ષુદ્ર ને સંકીર્ણ વિચારોના મનુષ્ય મતભેદ ને વિરોધના ભોગ થઈ પડે એ સ્વાભાવિક છે.

એક વખતે સદ્. ગુણાતીતાનંદ સ્વામીના એક પરમજ્ઞાની પવિત્ર ને ચારિત્ર્યશીલ સત્સંગીએ વાદવિવાદ ખાતર નહિ પરંતુ શુદ્ધ જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું જે 'બાપાશ્રીએ ચાલોચાલ, એકાંતિક, પરમ એકાંતિક ને અનાદિ એવા નંબર (ભેદ) ક્યાંથી પાડ્યા?' આ ઉપરથી તરત જ તેમને સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં 'સાધારણ ને એકાંતિક' એમ

બે પ્રકારની સ્મૃતિ કરાવી! આ બે પ્રકારને બાપાશ્રી 'ચાલોચાલ ને એકાંતિક' નામે કહે છે. અને (સ્વયં શ્રીજી) લો. ૬માં "સત્સંગ થયા પછી એકાંતિકપણું એમાં આવે એ અતિશે દુર્લભ છે!" 'આમાં એકાંતિક ને ચાલોચાલ અથવા સાધારણ' એમ બે ભેદ સ્પષ્ટ છે. સદ્. ગોપાળાનંદ સ્વામીની વાતોમાં 'જીવનમુક્ત, વિદેહમુક્ત ને કૈવલ્યમુક્ત' એમ ત્રણ પ્રકાર કહ્યા છે. આને બાપાશ્રી અનુક્રમે 'એકાંતિક, પરમ એકાંતિક ને અનાદિ' કહે છે. અનાદિ મુક્તનું લક્ષણ સદ્. ગોપાળાનંદ સ્વામી આ પ્રકારે કહે છે જે 'પૃથ્વી જળમાં રહી છે ને બહાર દેખાય છે, તેમ કૈવલ્યમુક્ત તો સદા મૂર્તિમાં છે. નદીઓ સમુદ્રમાં લીન થાય છે ને મધમાં અનેક વનસ્પતિના રસ લીન થાય છે, તેવી રીતે અનાદિ મુક્ત (મોક્ષદશામાં) મૂર્તિમાં લીન થાય છે. સદ્. બ્રહ્માનંદ સ્વામી પયસાકરવત્ લીનતા બતાવે છે. 'રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મીસરી પયમાંહી ભળી!' આ સાંભળી તે બોલ્યા કે 'બાપાશ્રી, સદ્. ગોપાળાનંદ સ્વામી ને સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતો તો ચાવલ ને ચોખા પેઠે એક જ છે. જ્યારે એક સાંખ્યપ્રધાન છે તો બીજી યોગપ્રધાન છે. **सांख्ययोगौ प्रथग्बालाः प्रवदन्ति न पण्डिताः।** [બાલિશ લોકો સાંખ્ય અને યોગને જુદા માને છે, પંડિતો નહિ]' માટે સદ્. ગોપાળાનંદ સ્વામી ને સદ્. ગુણાતીતાનંદ સ્વામીના જ્ઞાનમાં

જુદાપણું જે સમજે છે તે પંડિત નથી, બાળક છે! શ્રીજી તો ડિમ્ડિમ વગાડી નિત્ય કહે છે કે મહારાજ ને મોટાને નિષ્કામી, નિર્લોભી, દિવ્ય જેવા જાણીશું તેવા આપણે પણ થઈશું. બાપાશ્રીને દિવ્ય નહિ જાણનાર સદ્. ગુણાતીતાનંદ સ્વામીને પણ કથન માત્ર જ દિવ્ય જાણે છે? (Vice Versa) માટે સદ્. ગુણાતીતાનંદ સ્વામીના ખરા શિષ્ય થવા માટે આપણે બાપાશ્રીના ખરા શિષ્ય થવું જ જોઈએ! (Vice Versa) માટે મુમુક્ષુ પોતે જ સદ્. ગુણાતીતાનંદ સ્વામી કે પર્વતભાઈ જેવો જ ન થાય ત્યાં સુધી પોતાની માયિક બુદ્ધિ વડે, તેમના દિવ્ય જ્ઞાનનું માપ કાઢે એ ભૂલ છે!

વળી એક સત્સંગીએ પૂછ્યું જે, 'અક્ષરધામ એટલે શું? ક્યાં છે? કોને કહેવાય? તે જાણવાથી કેટલો સમાસ છે? કેમ જે સત્સંગમાં એક બાજુ એક વર્ગ એક ને માત્ર એક સદ્. ગુણાતીતાનંદ સ્વામીને જ અક્ષરધામ માને છે; જ્યારે બીજો વર્ગ એક ને માત્ર એક સદ્. ગોપાળાનંદ સ્વામીને જ અક્ષરધામ માને છે એ મોટો મતભેદ છે?(૧) અને કેટલાક, રાધાકૃષ્ણ, સીતારામ વત્ અક્ષરપુરુષોત્તમ = સ્વામિ+નારાયણની યુગલ સ્વરૂપની ઉપાસનાને વધુ મહત્ત્વ આપે છે તે કેમ સમજવું?(૨)'

સત્સંગમાં, કેટલાક સદ્. ગુણાતીતાનંદ સ્વામીને જ

શ્રીજીને રહેવાનું અક્ષરધામ માને છે. અલબત્ત, જ્યાં સુધી તેઓ પ. પૂ. સ્વામીશ્રીને અક્ષરધામ માને છે, ત્યાં સુધી તે શ્રીજી સિદ્ધાંતથી અળગું નથી, કેમ જે સ્વયં શ્રીજી જ્યારે ગારમાટીના ઘરને, જે જે જગાએ પોતે હર્યાફર્યા તે તે તીર્થરૂપ સ્થાનકોને, શ્રીજીની મૂર્તિના તેજને, તેમ જ ઉપાસકોના વ્યક્તિગત આત્મા પરત્વે સર્વને અક્ષરધામ માનવાનું કહે છે તો પછી આપણા સદ્. સ્વામીશ્રીને અક્ષરધામ નહિ માનવામાં શું હરકત? પરંતુ જ્યારે આપણે સદ્. ગુણાતીતાનંદસ્વામીને જ અક્ષરધામ માની ઇતર શ્રીજી આશ્રિત સદ્. ગોપાળાનંદ સ્વામીને અક્ષરધામ તરીકે સ્વીકારવાનો ઇન્કાર કરીએ ત્યારે આપણે શ્રીજી સ્થાપિત સર્વોપરી સત્સંગમાં સાંપ્રદાયિકતા, સંકીર્ણતા ને વાદવિવાદને આમંત્રણ આપીએ છીએ, કેમ કે શ્રીજી આશ્રિત કોઈ પણ એકાદ વ્યક્તિવિશેષને અક્ષરધામ માની લેવાને આપણી પાસે આપણી પવિત્ર શ્રુતિ વચનામૃતનો એકેય આધાર નથી! માટે બાપાશ્રી કહે છે કે એ સર્વને અક્ષરધામ માનવામાં જરાય વાંધો નથી; પરંતુ **'धाम्ना स्वेन'** વત્ એક મૂર્તિને જ અક્ષરધામ માનવું એ સૌથી શ્રેષ્ઠ છે. યદ્યપિ આપણા શ્રુતિસ્મૃતિકારોએ પૃથ્વીથી પરમેશ્વર પર્યંત સર્વ તત્ત્વોનું નિરૂપણ કર્યું છે. પરંતુ તેમનું કેન્દ્રસ્થાન એક મૂર્તિ (સ્વામિનારાયણ) સિવાય અન્ય કોઈ પણ તત્ત્વ નથી. માટે

બાપાશ્રી કહે છે કે, 'અક્ષરધામ તે શું? એક મહારાજની મૂર્તિ રાખવી.' 'મૂર્તિમાં વૃત્તિ રાખવાથી મૂર્તિ, મુક્ત ને ધામ દેખાય છે,' એવાં અનેક વચનો છે, માટે આપણા શ્રુતિસ્મૃતિકારો, એક મૂર્તિ સિવાય મૂર્તિના તેજરૂપ અક્ષરધામ, જડ કે ચૈતન્ય પ્રકૃતિ, ક્ષર કે અક્ષર, બદ્ધજીવ કે મુક્તજીવ સંબંધી સર્વ સંકલ્પ માત્રનો સંન્યાસ કરવા સૂચના કરી રહ્યાં છે. જ્યારે મુમુક્ષુરૂપી ચૈતન્ય પુરુષોત્તમ સાથે હથેવાળો કરશે ત્યારે પોતાના પતિની સ્થાવર જંગમ મિલકત આપોઆપ દેખશે! **'एकेन विज्ञातेन सर्वं विज्ञातं भवति'** [એકને જાણ્યું કે સર્વ કંઈ જાણી જવાય છે] માટે જે મૂર્તિમાં રસબસ રહે તેને તો એક મૂર્તિ સિવાય અન્ય અક્ષરધામની અપેક્ષા કે ઉપેક્ષા રહેતી નથી, માટે અનાદિ મુક્તને મતે તો એક શ્રીજી જ પરમધામ છે **'परंब्रह्म परंधाम पवित्रं परमं भवान्'** [આપ પરબ્રહ્મ છો, પરમધામ છો, પરમ પવિત્ર છો.]

**'स्वामिनारायणौ'** **'स्वामिनारायणाभ्याम्'** એમ દ્વિ વચનનો પ્રયોગ આપણા શાસ્ત્રમાં જણાતો નથી; ઉલ્ટું, એક વચનનો પ્રયોગ તો સ્થળે સ્થળે જોવામાં આવે છે :-

**'जयति श्रीहरिः स्वामी श्रीमद् दुर्गपुरे प्रभुः।'**
[સ્વામી પ્રભુ શ્રીહરિ(નો) દુર્ગપુર (નગરી)માં જય હો!]

**हरिकृष्णो घनश्यामो निलकण्ठ श्च स स्मृतः।**
**स्वामी च सहजानंदः स्वामिनारायणस्तथा ।।**
[હરિકૃષ્ણ, ઘનશ્યામ, નિલકંઠ, સહજાનંદ સ્વામી, સ્વામિનારાયણ એમ તે (ભક્ત) સ્મરે છે.]

**સત્સંગિજીવન**

**'मुक्तानंद मुनिर्नमामि तमहं श्री स्वामिनारायणम्'**
[મુક્તાનંદ મુનિને તથા શ્રી સ્વામિનારાયણ પ્રભુને હું નમસ્કાર કરું છું.]

**વ્યાસ સૂત્ર**

**'त्वं साक्षात् पुरुषोत्तमोऽसि परमं ब्रह्माक्षरात्माक्षरः**
**श्रीकृष्णो हरिकृष्ण आदि पुरुषो धर्मात्मज! श्रीहरे!**
**हे नारायण! वासुदेव! परमानन्द! प्रभो! सत्पते!**
**मायाधीश! बृहत्पुरस्थनृतनो! श्री स्वामिनारायण!'**
[હે ધર્મપુત્ર, હે શ્રીહરિ, હે નારાયણ, વાસુદેવ, પરમાનંદ, પ્રભુ સત્પતિ, માયાના સ્વામી, પ્રત્યક્ષ વિરાટ સ્વરૂપ તમે જ સાક્ષાત્ પુરુષોત્તમ છો, પરબ્રહ્મ છો, અક્ષરઆત્મા છો, અક્ષર છો, શ્રીકૃષ્ણ છો, હરિકૃષ્ણ છો, આદિ પુરુષ છો.]

**શ્રીહરિ દિગ્વિજય**

પ્રસ્થાન ત્રયીમાં:- **'जन्माद्यस्य यतः'** [જેના (જે પુરુષ)માંથી આ વિશ્વની ઉત્પત્તિ વગેરે થયાં છે.]

**'एकमेवाद्वितीयम्'** [બ્રહ્મ એક જ અને અદ્વિતીય છે.] **'यमेवैष वृणुते'** [આ આત્મા જેને પસંદ કરે (તે જ તેને પામી શકે છે)] **'तस्मिन् दृष्टे परावरे'** [તે પરાત્પર તત્ત્વને જાણ્યા પછી] **'पिताऽसि'** [તું અમારો પિતા (સર્જક) છે.] **'मामेकं शरणं'** [માત્ર એકલા મારે જ શરણે (આવ)] ઇત્યાદિ.

આવી રીતે પરોક્ષ કે પ્રત્યક્ષ સર્વ શાસ્ત્રો જોતાં યુગલ સ્વરૂપની ઉપાસના કરતાં એક સ્વરૂપ **'श्री स्वामिनारायण'** ની ઉપાસનાને વધુ મહત્ત્વ અપાયેલું જોવામાં આવે છે.

શ્રીજી સાથે સદ્. ગોપાળાનંદ સ્વામી કે સદ્. ગુણાતીતાનંદ સ્વામી વગેરે હરકોઈ મુક્તનું ધ્યાન-ઉપાસના કરવી, એ અલબત્ત, શાસ્ત્ર વિરુદ્ધ નથી, કેમ જે ચાર પ્રકાર (સાંગ, ઉપાંગ, સલીલ ને સપાર્ષદ) પૈકી સપાર્ષદ ધ્યાન પ્રમાણભૂત છે; પરંતુ એક સ્વરૂપની ઉપાસનાની અપેક્ષાએ આ ધ્યાન, આ ઉપાસના ગૌણ છે.

સિંહણનું દૂધ સુવર્ણના પાત્રમાં રહી શકે છે, માટે માટીના ઢેફા જેવા પાત્ર રહેવું જોઈએ નહિ. એક વખત બાપાશ્રી પાસે એક હરિભક્ત વૃષપુર ગયા, દર્શન કર્યાં ને રાજી થયા. પછી કેટલાક સમય બાદ, 'અક્ષર બ્રહ્મધામ' સંબંધી એક વિદ્વાનના વિચારો સાંભળી નારાજ થઈ ગયા ને તે સત્સંગની દિશ પણ ભૂલી ગયા! અમારા એક વખતના

પ્રતિપક્ષી વિદ્વાન મિત્ર કહે છે કે 'ર. પ્ર. ટીકાકાર તો અનાદિ મુક્ત છે. પરંતુ તેના સંગ્રહકર્તા પણ અનાદિ મુક્ત જ છે- હોવા જ જોઈએ, ર. પ્ર. ટીકામાંથી ઘણા ઘણાને ઘણું ઘણું સત્ય રહસ્ય જાણવું હોય તો મળી શકે તેમ છે, બાકી 'Fault finders shall find faults even in Paradise.' મહાશય લેન્ગવીન લખે છે કે 'જે બીજા કરતાં સુંદર કાર્ય કરી બતાવી શક્તો નથી તે મૂર્ખ બીજાના દોષો પકડી શકે છે.' મહાશય ગોલ્ડસ્મીથ અને કૉલરિજ પરછિદ્રાન્વેષી મૂર્ખ કહી ધિક્કારે છે. મહાશય શેલી લખે છે કે 'ગ્રંથકારો પાછળ ધૂળ ઉડાડનારાઓમાં મોટો ભાગ મૂર્ખ અને પરગુણદ્વેષી હોય છે.' વિદ્વતા સાધુતામાં પરિણમે છે ત્યારે પ્રેમ, દયા અને ચિત્તની શાંતિ આવે છે. પછી ટીકા ઉપર ટીકાવેડા કરવા ટાઇમ ક્યાં? આ સદ્‌ગુણો સિવાય, અલબત મનુષ્ય વિદ્વાન બની શકે છે, પરંતુ સાધુ કદાપિ નહિ. માટે આવા મુમુક્ષુએ જાણવું જોઈએ કે સત્સંગને વિદ્વાનોની જરૂર છે, પરંતુ અનેકાનેક શુદ્ધ ચારિત્ર્યશીલ સત્પુરુષો ઘડી શકે એવા મુક્તાત્માઓની સત્સંગને વિશેષ જરૂર છે. વિદ્વાનોએ સાધુ થવાનું છે. સાધુતા શિખવાની છે. જ્યારે મુક્તાત્મામાં તે સ્વભાવ સિદ્ધ છે. વિદ્વાનને પોતાના પ્રારબ્ધાદિ કર્મનો ક્ષય કરવાનો છે; જ્યારે મુક્ત બીજા જીવોનાં કર્માદિનો સંકલ્પ માત્રે નાશ કરી પોતા જેવા કરે છે. ગોપાળાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી,

વ્યાપકાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, વશરામ સુતાર અને શ્રી અબજીબાપા વગેરેના જીવન પ્રસંગોમાં આવાં અનેક દૃષ્ટાંતો આપણે જોઈએ છીએ. માટે બાપાશ્રી કહે છે કે 'લાખો કરોડો જન્મનાં કર્મ તે પણ દર્શન માત્રમાં નાશ કરી નાખે એવો મોટાનો પ્રતાપ છે.' 'જેવો પર્વતભાઈએ દેહ મૂકતી વખતે યજ્ઞ કર્યો હતો તેવો આ યજ્ઞ છે. આ વખતે જેણે જેણે વાતો સાંભળી તે સર્વને ઠેઠ મૂર્તિમાં પહોંચાડશું.' વળી 'જો અમો ખોટું કહેતા હશું તો અમને પાપ લાગશે ને તમો વિશ્વાસ રાખશો તો જેટલું ઇચ્છશો તેટલું મળશે.' કેવો શ્રીજી સમો સદાગ્રહ! માટે જે કામ એક મુક્ત એક મિનિટમાં કરી શકે તે કામ કરોડો વિદ્વાન મળીને, કરોડ વરસે પણ કરી શકે નહિ. 'અતિ મોટા પુરુષને આશરે રે; બળે પૂર્વ જન્મનાં પાપ.' એવું તો આપણે રોજ ગાઈએ છીએ. માટે મોટાની સમજણનું માયિક બુદ્ધિથી મૂઢ મુમુક્ષુ માપ કાઢે તે પહેલાં ઉપરોક્ત વિવેકનું મનન કરી મૂર્તિને માર્ગે ચાલે તો આધુનિક માનીનતાના મતભેદોમાંથી સહેજે બચી સહેજે શ્રીજીરૂપ થઈ સ્વાત્મોન્નતિ સાધી શકે. એ દૃષ્ટિ હરકોઈ શાસ્ત્ર કે સત્પુરુષનો સંગ કરતાં પહેલાં, મુમુક્ષુ કેળવે તો તેના મારગમાં મતભેદ કે હરકત આવે જ નહિ.

કેટલાક કહે છે જે દેહ મૂકીને ભગવાનના ધામમાં જવાનું છે ને ત્યાં ભાગવતી તનુ-અપ્રાકૃત દેહ વડે શ્રીજી

સેવામાં રહેવાનું છે; જીવ હંમેશા અણુ હોવાથી વિભુ થઈ શકતો નથી અને દેહમાંથી ઉત્ક્રમણ-ગતિ અનિવાર્ય-આવશ્યક છે જ, કેમ જે અક્ષરધામ એક દેશસ્થ સ્થાન છે, અને અણુમાત્ર છેટું નથી, છતે દેહે ધામને પામી જ રહ્યો છે, એવાં વચનો તો માત્ર ચિદાકાશનું અક્ષરધામ સાથે સાધર્મ્યપણું સૂચવે છે તે કેમ સમજવું?

રામાનુજ મતાનુસાર, જીવ હંમેશાં અણુ છે તે વિભુ થઈ શકતો જ નથી ને તેને (ધામમાં) અપ્રાકૃત-દિવ્ય દેહ મળે છે; પરંતુ શ્રીજી સિદ્ધાંત એવો છે કે (મોક્ષદશામાં) શ્રીજી ઇચ્છાથી સ્વયં જીવ સાકાર સ્વરૂપે આવિર્ભૂત થાય છે. (પ્ર. પ્ર. ૩૭) (વળી ત્યાં ત્રણ ભેદ અનાદિ છે તો અહીં પાંચ છે.) આવી રીતે વિશિષ્ટાદ્વૈત વિરુદ્ધ નહિ પરંતુ તે કરતાં શ્રીજી સિદ્ધાંત આગળ પડતો (Enhanced) છે. બીજાં ધામોની હદ છે પરંતુ અક્ષરધામની હદ નથી. જેમ શ્રીજી એકદેશી થકા સર્વદેશી છે તેમ શ્રીજીનું ધામ સર્વત્ર છતાં સર્વથી પર -વિલક્ષણ-શ્રેષ્ઠ છે. અને જ્ઞાની અજ્ઞાની બંનેને દેહમાંથી ઉત્ક્રમણગતિ છે, એવું ન માનવું એ ભૂલ છે; પરંતુ વિજ્ઞાની -અનુભવીને છતે દેહે મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે-સ્થિતિ થાય છે તેને ગતિ નથી, એમ ન માનવું એ બેવડી ભૂલ છે. બહાર દૃષ્ટિવાળાને અક્ષરધામ લાખો ગાઉ છેટું છે ને જવાનું બાકી છે; અંતર્દૃષ્ટિવાળાને અણુ માત્ર દૂર નથી ને તેને

જવાનું બાકી નથી. માટે બાપાશ્રી કહે છે કે જવું આવવું તે સકામને મતે છે.

"શ્રી નરનારાયણની ઇચ્છા હશે તો સત્સંગની વૃદ્ધિ થશે અને જો એમને ઘટાડવો હશે તો ઘટી જશે." (પ્ર. પ્ર. ૭૪) "આપણે કોઈનો અવગુણ લેવો નહિ." આવાં વચનો ઉપરથી કેટલાક પગરખાં પહેર્યાં એટલે પૃથ્વી મઢાઈ ગઈ, એવી એકદેશી વૃત્તિને જન્મ આપે અને સત્સંગ સુધારણા માટેનાં શ્રીજી વચનો (પ્ર. પ્ર. ૧૮) તરફ બેદરકાર રહે તો સત્સંગ સમગ્રનું હિત તેમના હૈયે નથી, એમ કહેવાય તેઓ 'ધર્મપાલક' કહેવાય પરંતુ 'ધર્મરક્ષક' કદાપિ નહિ. સમય ને સંજોગોનુસાર, દરેક સત્પુરુષને 'સત્સંગોન્નતિ'નાં જુદાં જુદાં સાધનો જણાય છે. આવી રીતે અંગ ને પંડ, વ્યષ્ટિ-સમષ્ટિ સત્સંગોન્નતિ સાધવામાં બાપાશ્રીનો હાથ પ્રથમ, અજોડ ને મોટો છે.

આવી રીતે **'यतो वाचो'** [વાણી જ્યાંથી (નિવૃત્ત થાય છે)]/ **'निरंजनः परमं'** [તે પરમ નિર્ગુણ છે.]; **'अनेक जन्म संसिद्धो'** [અનેક જન્મો પછી સિદ્ધ થયેલો] / **'श्रद्धावान् लभतेज्ञानं'** [શ્રદ્ધાવાનને જ્ઞાન મળે છે]; **'घटवत् सर्गादि विनश्यति'** [સર્જન વગેરે તો માટીના ઘડાની જેમ નાશ પામે છે] / **'सर्वं खल्विदंब्रह्म'** [આ સર્વ કંઈ બ્રહ્મ છે]; અક્ષરધામ છેટું છે / અણુ માત્ર દૂર નથી; જેને ભવ બ્રહ્માદિક ભજે

તજી કામને રે લોલ / ભવબ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો; કસરવાળાને શ્રીજી અન્ય ધામમાં મૂકે છે / બંધ કીધાં બીજાં બારણાં રે; બધા સરખા છો / બધા સરખા જાણે તે વિમુખ; મૂર્તિનું સુખ માગવું / ન માગવું; અન્વયપણું / વ્યતિરેકપણું; અવગુણ લેવો / ન લેવો; વ્યક્તિ ઉપાસના / સામુદાયિક ઉપાસના; વ્યષ્ટિ / સમષ્ટિ સત્સંગોન્નતિ; મૂર્તિમાં પયસાકરવત્ પ્રવેશ / મૂર્તિ બહાર થકો એના મનનું નિરંતર અનુસંધાન રહે તે પ્રવેશ; જેમ લોભીનો ધનમાં, ઇત્યાદિ; આવાં વચનોનો સમન્વય મુમુક્ષુએ કરી લેવાનો છે.*

જેવી રીતે 'યોગ' શબ્દની અનેક વ્યાખ્યાઓ છેઃ- જેમકે **'योगः कर्मसु कौशलम्'** [સાધનાના કર્મમાં કુશળતા એ યોગ કહેવાય] **'समत्वं योगमुच्यते'** [સમતા એ યોગ છે] **'योगश्चित्त वृत्ति निरोधः'** [ચિત્તની વૃત્તિઓનો સંયમ તે યોગ] **'योगस्समाधिः'** [યોગ સમાધિ છે] તેવી રીતે મૂર્તિમાં 'પ્રવેશ'ની અનેક વ્યાખ્યાઓ છે અને તે સર્વ સત્ય છે. જેમ અષ્ટાંગ યોગમાં પહેલા પાંચ બહિરંગ પણ યોગના જ અંગ

---

* શ્રીજીનું અન્વય વ્યતિરેકપણું, અક્ષરબ્રહ્મ ધામ અને અનાદિ મુક્તની સ્થિતિ સંબંધી શાસ્ત્રોક્ત સપ્રમાણ વિસ્તૃત વર્ણન જાણવું હોય તેમણે સદ્. શ્રી ઘનશ્યામજીવનદાસજીસ્વામીના શિષ્ય શાસ્ત્રી ધર્મસ્વરૂપદાસજી વિરચિત **'શ્રીજી સંમત્ત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત સાગર'** વાંચવું.

તાજેતરમાં **શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ** દ્વારા આ પુસ્તક પ્રકાશિત થયેલ છે.

છે અને બીજાં ત્રણ અંતરંગ પણ યોગના જ અંગ છે; તેમ મૂર્તિ સન્મુખ રહી મૂર્તિનું સુખ ભોગવવું એ પણ મૂર્તિમાં 'પ્રવેશ' કહેવાય અને મૂર્તિમાં રસબસ રહી મૂર્તિનું સુખ ભોગવવું એ પણ મૂર્તિમાં 'પ્રવેશ' જાણવો. એક વખતે બાપાશ્રીને પૂછ્યું જે મૂર્તિમાં કેમ રહેવાય? અને મારો ચૈતન્ય મૂર્તિમાં રહ્યો છે, એવી ખાત્રી શી રીતે થાય? ત્યારે બાપાશ્રી બોલ્યા જે માળા માનસી પૂજા ધ્યાન ભજન કરતાં કરતાં થાય. વળી આવા જ પ્રશ્નનો બીજા પાત્રને બીજો જવાબ આપ્યો જે 'જીવ દેહમાં રહે છે તેમ મુક્ત મૂર્તિ જેવડા મૂર્તિમાન થકા મૂર્તિમાં રહે છે, નવા આવતા જાય છે તો પણ મૂર્તિ પુષ્ટ થતી નથી ને એ બધા લોક કલ્યાણાર્થે બહાર (સત્સંગમાં) દેખાય તોપણ મૂર્તિ દૂબળી પડતી નથી.' સદ્. વૃંદાવનદાસજી સ્વામીને કોઈકે પૂછ્યું જે, મુક્ત મૂર્તિમાં રહે છે એ વાત નવી કે જૂની? ત્યારે બોલ્યા જે, સ્વામિનારાયણ ભગવાન છે એ વાત નવી કે જૂની? એક બીજા ધ્યાનનિષ્ઠ અનુભવીને કોઈકે પૂછ્યું ત્યારે તે બોલ્યા જે, સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો છે પણ જે ખોળતો નથી તે એક ભૂલ કરે છે, જાણ્યા છતાં અનુભવવા પ્રયત્ન કરતો નથી તે સો ભૂલ કરે છે ને જે આ સુંદર શ્રીજી સિદ્ધાંતનો ઇન્કાર કરે છે તે કરોડ ભૂલ કરે છે.

**तस्मिन्नेव सायुज्येन स्युः । सर्वजनादृश्याः श्रीकृष्णमात्र**

**दृश्या भवन्तीत्यर्थः** [તે શ્રીકૃષ્ણમાં સાયુજ્યભાવે રહે છે. અન્ય સર્વ જનો જેવા ન રહેતા શ્રીકૃષ્ણ જેવા દેખાય છે.]

(શિક્ષાપત્રી ભાષ્ય શ્લોક૧૧૧)

સા. ૧૧મામાં 'લક્ષ્મીજી ક્યારેક લીન ને ક્યારેક તો નોખાં રહે છે તેમ તે ભક્ત પણ ક્યારેક તો લીન ને ક્યારેક તો મૂર્તિમાન થકો સેવામાં રહે છે.' હવે શ્રીજી સન્મુખ નોખા જ રહીને મૂર્તિની સેવામાં રહેવાનું હોય ને મૂર્તિમાં રસબસ લીન રહેવાનો સિદ્ધાંત જ ન હોય તો સ્વયં શ્રીજી 'ક્યારેક લીન ને ક્યારેક મૂર્તિમાન નોખા' એમ બે પ્રકાર કહેત જ નહિ. સદ્. ગોપાળાનંદ સ્વામી, સદ્. મુક્તાનંદ સ્વામી, સદ્. બ્રહ્માનંદ સ્વામી, સદ્. નિષ્કુળાનંદ સ્વામી તથા સદ્. ભૂમાનંદ સ્વામીનાં વચનો જોતાં પણ અનેક સ્થળે આ બંને પ્રકારની સ્થિતિનો ઉલ્લેખ જોવામાં આવે છે. માટે અનાદિ મુક્તોની મૂર્તિમાં લીનતા-પ્રવેશ શાસ્ત્ર સિદ્ધ, અનુભવ સિદ્ધ ને મોટા મોટાએ પ્રમાણ કરેલ તથ્ય છે.

હવે તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં જડ-જડ પ્રકૃતિ (આકાશાદિ પંચભૂત) પરસ્પર વિશિષ્ટ રહી શકે છે; જડ-ચિત્ પ્રકૃતિ પરસ્પર વિશિષ્ટ રહી શકે છે તો પછી 'જે' નિરાકાર ચૈતન્યને દિવ્ય સાકાર કરી શકે છે 'તે' મુક્તાત્માઓને સિદ્ધદશા-મોક્ષદશામાં પોતાની મૂર્તિમાં રસબસ-વિશિષ્ટ ન રાખી શકે, એવું કહેવું, એ શ્રીજી સામર્થ્ય

અને સિદ્ધાંતનું મૂલ્ય ઘટાડ્યા બરાબર ગણાય. માટે મૂર્તિમાં એના મનનું નિરંતર અનુસંધાન રહે એ 'પ્રવેશ'ની વ્યાખ્યાનો ઇન્કાર કરનારે વિચારવા જેવું છે, પરંતુ મહારાજ ને મુક્ત પયસાકરવત્ રસબસ છે, એ 'પ્રવેશ'ની બીજી સુંદર વ્યાખ્યાનો ઇન્કાર કરનારાઓએ શ્રીજી સિદ્ધાંતનું વિચારપૂર્વક પુરશ્ચરણ કરવા જેવું છે. મહારાજને મુક્ત રસબસ એટલે એક જ વસ્તુ હતી અથવા એક જ વસ્તુ બની જાય છે (સ્વરૂપલય -One and the same Entity) એમ નથી; પરંતુ બંને વસ્તુ વિશિષ્ટ-રસબસ ને સત્ય છે (Identical & real Entities).

માટે રસબસ સ્થિતિને શ્રીજી સિદ્ધાંતમાં સ્થાન ન આપવું, એ સ્વયં શ્રીજી રહસ્યને બાદ કરવા બરાબર છે. ખુદ શ્રીજીના એક વચનને સત્ય માનવું ને બીજાનો ઇન્કાર કરવો, એ સ્વયં શ્રીજી વચનનો જ અનાદર કર્યા બરાબર છે. માટે બંને પ્રકારની 'પ્રવેશ'ની વાસ્તવિક વ્યાખ્યાઓને પાત્ર પરત્વે ઘટાવી મુમુક્ષુએ સમન્વય કરવો, એ જ સત્ય વસ્તુ છે.

આવી રીતે આપણી શ્રુતિસ્મૃતિજન્ય આધુનિક માનીનતાઓનો તુલનાત્મક અભ્યાસ કરીએ તો સ્થૂળ દૃષ્ટિએ (સાધારણ સત્સંગીની દૃષ્ટિએ) મોટો મતભેદ જણાશે, પરંતુ તે માનીનતા પાછળ સૂક્ષ્મ દૃષ્ટિએ (એકાંતિકની દષ્ટીએ) જોતાં શ્રીજી કથિત સત્યનું જ દર્શન થશે અને સાથે સાથે

પ. પૂ. બાપાશ્રીની વાતો તથા ૨. પ્ર. ટીકાની યોગ્ય સમયે યોગ્ય જરૂરિયાત હતી અને તે સ્વયં શ્રીજીએ બાપાશ્રી દ્વારા પૂરી પાડી, આપણા ઉપર અસીમ કૃપા કરી છે તેનીય સાક્ષાત્કાર ખાત્રી થશે.

આપણા આપ્તતમ અનુભવ સિદ્ધ સદ્‌ગુરુઓએ પાત્ર ભેદ પરત્વે વિધ વિધ વિચારશ્રેણી-સાધન-ઉપાય-લટક-મંત્ર માધ્યમ (medium) કે નાના પ્રકારની પ્રક્રિયાઓ બતાવી છે અને તે સઘળા રસ્તા 'All roads lead to Rome' પ્રમાણે એક શ્રીજીની પ્રાપ્તિમાં જ પર્યવસાન પામે છે. માટે એકાંતિક સત્સંગીને તો જ્યાં એક જ મંત્ર-એક જ દિક્ષા-એક જ શાસ્ત્ર-એક જ ઉપાસના હોય ત્યાં એક જ સંપ્રદાયમાં મતભેદ કે વિરોધ ન ભાસે એ તો સ્વાભાવિક છે.

શ્રીજી ને સદ્‌ગુરુઓનું જ્ઞાન એક છે, ને એક જ હોય. વચનામૃત ને વાતોનું જ્ઞાન એક જ છે; એકબીજા સાથે સંપૂર્ણ રીતે મળતું છે. છતાં મુમુક્ષુની ગ્રહણ શક્તિ, સમજણ ને શ્રદ્ધાની તારતમ્યતા પરત્વે અનેક ભેદ હોવાથી, શબ્દ ને શબ્દાર્થને વળગી રહેનારા અભ્યાસશૂન્ય ચાલોચાલ સત્સંગીને મતભેદ ભાસે, એ સ્વાભાવિક છે; પરંતુ એકાંતિક સત્સંગીને -પછી ભલે તે કોઈ પણ અનાદિ મુક્ત, ધામ કે તીર્થરૂપ સદ્‌ગુરુ, કોઈ પણ શ્રુતિ સ્મૃતિ કે કોઈ પણ મંડળવિશેષનો હોય-તેને તો શ્રીજી તથા સદ્‌ગુરુઓના જ્ઞાનમાં મતભેદ કે

વિરોધ જેવું કશુંય ભાસતું નથી, કેમ કે તેણે તો બાપાશ્રી તથા સદ્. ગુણાતીતાનંદ સ્વામીના જ્ઞાનનું રહસ્ય ચાખ્યું છે જે 'મોટાનાં વચનોની હારો (ગોઠવણી) કરવી'- સામ્ય વિચારોનું એકીકરણ કરવું. આ શ્રીજીનું રહસ્ય. આ બાપાશ્રીનું રહસ્ય. આ વચનામૃત ને વાતોનું રહસ્ય. આ આપણી શુદ્ધ શ્રુતિ-સ્મૃતિઓનું રહસ્ય.

જેમ વિષયનો સ્થૂળ દેહે ત્યાગ કરવાથી વાસના કુંઠિત થાય છે, પરંતુ નિર્મૂળ તો **'परं दृष्ट्वा निवर्तते'** [પરમ પુરુષનું દર્શન કર્યા પછી તે રસ પણ નિવૃત્ત થાય છે.] તેમ સમન્વય કરવાથી પ્રમાણગત સંશય દૂર થાય છે, પરંતુ પ્રમેયગત સંશય તો નિદિધ્યાસ પ્રકર્ષથી જ થાય છે. કેવળ શાસ્ત્રજ્ઞાન વાચ્યાર્થ છે. **'वेदनमुपासनं स्यात्'** [તેને જાણવો એ તેની ઉપાસના બને] જ્ઞાન જ્યારે અંતર્દ્રષ્ટયાત્મક શ્રીજીની તૈલધારાવત્ અવિચ્છિન્ન સ્મૃતિની પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે **'स्मृति लम्भे सर्व ग्रंथीनां विप्रमोक्षः'** [સ્મૃતિ પ્રાપ્ત થતાં તેની બધી ગ્રંથીઓ છૂટી જાય છે] તેની સઘળી ગ્રંથીઓ છેદાઈ જાય છે, પરિણામે લક્ષ્યાર્થ જ્ઞાન પ્રગટ થાય છે.

'બહાર વૃત્તિએ પ્રશ્ન ઉત્તરમાં બધાં શાસ્ત્ર ભેળાં કરીએ તોપણ તેનો યથાર્થ ઉત્તર ન મળે. મહારાજને તથા મુક્તને અંતરમાં ધારીએ એટલે સર્વે ખુલાસા તરત થઈ જાય.'

**શ્રી અબજીબાપા**

'અતિશય ઉપશમરૂપ સામર્થી પામ્યો હોય તે તો શાસ્ત્રના રહસ્યને પોતાની મેળે સમજે.'

'વૃત્તિને અંતર સન્મુખ રાખે ત્યારે યથાર્થ જ્ઞાન થાય અને શાસ્ત્રનો અર્થ પણ યથાર્થ સૂઝે.'

**સદ્. ગોપાળાનંદ સ્વામી**

'પ્રતિલોમ વિના યથાર્થ જ્ઞાન થતું નથી.'

**સદ્. ગુણાતીતાનંદ સ્વામી**

આવી રીતે એકાંતિક સત્સંગીને સાક્ષાત્ શ્રીજી તથા અનાદિ મુક્તની પ્રાપ્તિ થવાથી બાપાશ્રી તથા સર્વ સદ્‌ગુરુઓના જ્ઞાનમાં એક સરખો પ્રેમ ને આનંદ સ્વાભાવિક થઈ જાય છે. અવરભાવ-પરભાવ, સાધનદશા-સિદ્ધદશા, વસ્તુભેદ-દૃષ્ટિભેદનો વિવેક યથાર્થ સૂઝે છે તેથી એ તો આશ્ચર્યપૂર્વક પૂછે છે કે વિરોધ ક્યાં છે?

**भिद्यते हृदय ग्रन्थी रिछद्यन्ते सर्वे संशयाः**

**क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ।।**

[તે પરમ પુરુષનું દર્શન (જ્ઞાન) થતાં હૃદયની બધીય ગ્રંથીઓ છૂટી થાય છે, બધા સંશયો નષ્ટ થઈ જાય છે અને સાધકનાં બધાંય કર્મોનો ક્ષય થાય છે.]

આપણને પ.પૂ. બાપાશ્રીની અમૂલ્ય વાર્તા સંગ્રહનો લાભ પ્રાપ્ત થયો છે તે સર્વે અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સદ્‌ગુરુ સ્વામી

શ્રી નિર્ગુણદાસજી, તેમના શિષ્ય સદ્ગુરુ સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજીને આભારી છે.

**सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः**

**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःख माप्नुयात् ।।**

[બધાં જ અત્રે સુખી થાવ, સર્વ નિરામય (તંદુરસ્ત) બનો, સર્વેનું કલ્યાણ થાઓ. કોઈને ક્યારેય કોઈ પણ પ્રકારનું દુઃખ ન રહો.]

એ જ પ્રાર્થના સાથે વિરમું છું.

## પ્રકરણ : ૩

# ઉપસંહાર

- શ્રીજીમહારાજની મૂર્તિનો અલૌકિક પ્રતાપ
- અનાદિ મુક્તની સ્થિતિ
- મહાપ્રભુની આજ્ઞાનું અણિશુધ્ધ પાલન

સંવત ૧૯૮૪ના અષાડ સુદ ૨ સુધી બાપાશ્રીએ પોતાના જોગમાં જે જે સંત હરિભક્તો આવેલા, તેમને શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા કર્યા. મોટા મોટા સંતો તથા સ્થિતિવાળા હરિભક્તો બાપાશ્રીના અદ્‌ભુત પ્રતાપને જાણી, દેહના કષ્ટને ન ગણીને મહિનો મહિનો, કોઈ પંદર દિવસ, તો કોઈ પાંચ આઠ દિવસ પોતપોતાનાં કામકાજ છોડીને કેવળ બાપાશ્રીની પ્રસન્નતાને અર્થે વૃષપુરમાં આવતા. સૌને એમ જે અત્યારે શ્રીજીમહારાજના સંકલ્પથી બાપાશ્રી દૃષ્ટિગોચર વર્તે છે અને અનાદિ મુક્ત મૂર્તિમાં રસબસ રહ્યા છે, એવી સ્થિતિ કૃપાએ કરીને કરાવે છે. એમ સૌ જાણતા હોવાથી હજારો સંત, હરિભક્તો નાનાં-મોટાં, બાઈ-ભાઈ દર્શને આવી કૃતાર્થ થતાં. બાપાશ્રીએ મહા મોટા યજ્ઞ કર્યા તેમાં પણ એવો જ સંકલ્પ જે આ યજ્ઞમાં જે કોઈ આવે, તેનો અમારે આત્યંતિક મોક્ષ કરવો. શ્રી પુરુષોત્તમનારાયણના

અનાદિ મુક્ત પુરુષોત્તમરૂપ છે, તેથી એ દ્વારે સર્વે ક્રિયા શ્રીજીમહારાજ કરે છે. એ મુક્ત તો મૂર્તિમાં રસબસ રહ્યા થકા અનંત કોટી કલ્પ સુધી મૂર્તિના સુખમાંથી તૃપ્ત થતા નથી. શ્રીજીમહારાજે સંકલ્પ કરી આ સમયમાં અ. મુ. બાપાશ્રી દ્વારે અનંત જીવોને મૂર્તિમાં ખેંચી લીધા. બાપાશ્રી કહે, અમે તો ખંપાળી નાખી છે. ખંપાળી એટલે કૃપાસાધ્ય. સાધને કરીને આ સ્થિતિ થાય તેમ ન હોવાથી મહારાજે નિજ આશ્રિત ઉપર કરુણા કરી તેથી આવા અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી દ્વારે અનેક જીવો મૂર્તિના સુખમાં પહોંચ્યા. શ્રીજીમહારાજની મૂર્તિમાં અનાદિ મુક્તો રસબસ ભાવે અનાદિ કાળના છે જ. જેમ શ્રીજીમહારાજ અખંડ, તેમ અનાદિની સભા પણ અખંડ. એ વાત બાપાશ્રીએ બહુ સુગમપણે સમજાવી, આશીર્વાદ આપી કંઈકને ન્યાલ કર્યા. જે જે શહેરમાં અથવા જે જે ગામોમાં ગયા, ત્યાં એ એક જ વાત. મોટાં મોટાં ધામ (મંદિરો)માં ગયા હોય ત્યાં પણ બાપાશ્રી તો પ્રસિદ્ધ થયા વિના રહે જ નહિ. સભામાં જ્યારે વાતો કરવા માંડે ત્યારે સૌ સંત, હરિભક્તોને સહેજે આકર્ષણ થતું. જે જે વાતો થાય તેમાં મુખ્યપણું તો મૂર્તિનું જ હોય. તેમાં પણ કેટલાક મુખ્ય વચનો આ પ્રમાણે બોલતાઃ- 'આપણે સંવત ૧૮૩૭થી મહારાજ ને મુક્ત પ્રગટ થયા છે ત્યારથી શરદઋતુ બેઠી છે, આજ હજૂરી પધાર્યા છે તે ઠેઠ

મહારાજની મૂર્તિના સુખમાં લઈ જશે. શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્ત રમે છે ને કિલ્લોલ કરે છે. મોટા રાજી થઈને કહે જે માગો ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ માગવી. શ્રીજીમહારાજની મૂર્તિના રસરૂપી મહાપ્રસાદ લેવો. આજ શ્રીજીમહારાજ મુક્તદ્વારે સત્સંગમાં સુખ આપે છે. આ મુક્તને દર્શને મોટા મોટા અવતારાદિક આવે છે. આ તો સાક્ષાત્ પુરુષોત્તમ તુલ્ય એવા અનાદિ મુક્ત તમને મળ્યા છે. આ મુક્ત તો પુરુષોત્તમ ભગવાન આગળ હજૂરી છે. મૂર્તિ ધામ ને મુક્ત સાથે રાખવાં. મહારાજ ને મુક્ત પૂરું કરી દેશે. ડંકો દઈને જઈશું તે અનંત મુક્ત દેખશે. શ્રીજીમહારાજનું સુખ છે તે મોટા ચાલતાં આપી દે છે. મોટાની સેવા ને સમાગમ કરવાથી મહારાજની મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય છે. આપણે શ્રી સ્વામિનારાયણના દીકરા છીએ માટે અક્ષરધામના રાજ્યને લાયક થાવું. મૂર્તિને ભૂલી જવાય તો રાંડીને ખુણે બેઠી એવું કહેવાય. શ્રીજીમહારાજના સુખની અવધિ નથી. મુક્તના જોગ વિના અંતર ખુલ્લાં કરી શકે એવું કોઈ સાધન કે વિધિ નથી. સાધનમાત્રનું ફળ મહારાજની મૂર્તિ છે. અનાદિ મુક્ત અને શ્રીજીમહારાજ તો જળતરંગવત્ એક જ છે. પુરુષોત્તમના ઉપાસક છે તે તો મહાપ્રભુની સભાના છે. મોટા અનાદિ મુક્તને સંભારવા તો મૂર્તિથી બહાર નીકળાય નહિ. મહાપ્રભુના અનાદિ મળ્યા

એટલે આપણાં દારિદ્ર કપાઈ ગયાં. આજ અક્ષરધામમાંથી જાન આવી છે તેમાં પતિ મહારાજ છે ને મુક્ત જાનૈયા છે તેની ખુમારી રાખવી. અક્ષરધામના ધામી શ્રી પ્રગટ પુરુષોત્તમનો ચાંદલો આવ્યો ને વાત કેવડી મોટી! બીજું બધું મળે પણ આ વસ્તુ જે શ્રીજીમહારાજ તથા મુક્ત તે ન મળે. આજ તો શ્વાંત વરસે છે. મહારાજને તથા મુક્તને ઉપમા દેવાય એવું કાંઈ છે જ નહિ. મહારાજની મૂર્તિ વિના બીજું વર્ણન છે તે તો નાવ વિના સમુદ્રમાં પડ્યા જેવું છે. શ્રીજીમહારાજની મૂર્તિરૂપી મોટી વસ્તુ હાથ આવે તો બીજું બધું ખોટું થઈ જાય. શ્રીજીની મૂર્તિ વિના સર્વે ખોટું કરી નાખવું. મૂર્તિમાં રહીને મુર્તિનું સુખ લેવું તેને અનુભવ જ્ઞાન કહીએ. શ્રીજીમહારાજના ગુણનો કે સુખનો કે મહિમાનો કે સ્વરૂપના જ્ઞાનનો પાર પમાય તેમ નથી; એ તો અપાર છે. આ વસ્તુ બહુ મોંઘી છે. જેના ભેળા મહારાજ હોય તેની વાતમાં શાંતિ, સુખ અને આનંદના ફુવારા આવે છે. લાખ જન્મ ધરે તોપણ કલ્યાણ ન થાય તે આજ દેહ છતાં જ કલ્યાણ થાય છે. આ તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો મળ્યો છે. કારણ મૂર્તિના પધરાવનારા તો મુક્ત છે માટે આ જોગ કરી લેવો. મુક્ત તો એકલા હોતા જ નથી. અનાદિ સાથે હેત થયું તે તો છેડો હાથ આવ્યો. આજ તો અવતારી જે શ્રીજીમહારાજ ને તેમના મુક્ત તે કરોડો જીવોનાં આત્યંતિક કલ્યાણ કરે છે.

આ મુક્ત શ્રીજીમહારાજના અવતાર છે તે અનંત જીવોનાં કલ્યાણ સારુ મનુષ્યરૂપે દેખાય છે. આ સત્સંગમાં શ્રીજીમહારાજના સંત છે તે ફૂલવાડી છે તેમાંથી સુગંધરૂપી ગુણ લેવા. મહારાજને સંભારે તો મુક્ત ભેળા આવી જાય ને અનાદિ મુક્તને સંભારે તો મહારાજ ભેળા આવી જાય. આવા મુક્ત આ સત્સંગમાં છે તે જ તમને મળ્યા છે. મહારાજની મૂર્તિ વિના અન્ય પદાર્થમાં રૂચિ તે જ મંદવાડ છે. સ્વામિનારાયણ આ સભામાં આ ઊભા! જેને જોઈએ તે લ્યો. જેના બેલી મહારાજ ને મુક્ત છે તેને કાંઈ બાકી રહેતું જ નથી. મોટાના સંકલ્પ તો કરોડો બ્રહ્માંડને ધામમાં લઈ જાય એવા બળવાન છે. આજ સનાતન મહારાજ ને સનાતન મુક્ત મળ્યા છે. તેમની બરાબર બીજું કોઈ છે જ નહિ. આજ તો મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે. શ્રીજીમહારાજને મૂકીને બીજો સંકલ્પ કરવો નહિ. આજ અમૃતનું નોતરુ આવ્યું છે તે શું? તો સર્વ જીવોને મુક્ત કરીને મહારાજની મૂર્તિનું સુખ જેવું છે તેવું જ આપવું છે. અંતર્વૃત્તિ કરીને મહારાજની મૂર્તિમાં જોડાવું. સત્સંગની સર્વે ક્રિયામાં મહારાજને ધણી રાખવા પણ પોતે ધણી થાવું નહિ. મહારાજને જે વખતે ભૂલી જવાય તે વખતે તે વાંઝિયો કહેવાય. મૂર્તિને સાથે ન રાખે તો તેને સુખ ન આવે. મોટા તો ધક્કો મારે તોય સર્વે આવરણ ટાળીને શ્રીજીમહારાજની

મૂર્તિના સુખમાં લઈ જાય, મહારાજની ને મોટાની સાથે રસબસ થઈ રહેવું, કલ્યાણમાં ફેર પડે તેના જોખમદાર અમે છીએ, શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો નાદ થાય છે તે નાદ જેને મૂર્તિનો સાક્ષાત્કાર થયો હોય તે સાંભળે, શ્રીજીમહારાજ તો આ દ્વિભુજવાળા બેઠા, ક્યાં અનાદિ મુક્ત! ને ક્યાં મહારાજ! તેમનું પ્રમાણ અવરભાવવાળા શું કરી શકે! મૂર્તિ તો આ રહી, મૂર્તિનો વાંક નથી પણ મૂર્તિને લેનારાની ખોટ છે, મૂર્તિમાંથી તેજ ઝળક ઝળક કરે છે ત્યાં આ સભા બેઠી છે, રાજાનું રાજ્ય એટલું રાણીનું રાજ્ય, આ તો શ્રીજીમહારાજની ચૂંદડી ઓઢી છે તે ધન્યભાગ્ય છે, લાખો કરોડો જન્મનાં કર્મ તે પણ દર્શન માત્રમાં નાશ કરી નાખે એવો મોટાનો પ્રતાપ છે, આપણે તો કારણ મૂર્તિનું જ કામ છે, મૂર્તિ વિના બીજું સર્વે વિષ જેવું છે, શ્રીજીમહારાજ જેવા ભગવાન ને આવા મુક્ત તે અનંત કોટી બ્રહ્માંડમાં ક્યાંયે નથી, આ વર્તમાનકાળમાં લાખો કરોડો જીવને મહારાજની મૂર્તિના સુખમાં લઈ જઈએ છીએ, અનંતકાળના સુકૃત ઉદય થયાં હોય ને છેલ્લી પ્રાપ્તિ થવાની હોય તેને આવા મોટા ઓળખાય છે, મહારાજની મૂર્તિમાં જ સુખ છે, બીજે બધે તો રોગી વાની ઊડે છે, શ્રીજીમહારાજ ને મુક્ત સાક્ષાત્ બિરાજે છે એવું જણાતું નથી ત્યાં સુધી મહિમા સમજાય નહિ, મહારાજનું સુખ તો બહુ જ જબરું છે, આજ તો

શ્રીજીમહારાજે ચિંથરામાં રત્ન વીંટીને રાખી મૂક્યાં છે. શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત પાસેથી જેટલું ચિંતવીએ તેટલું દિવ્ય સુખ મળે. આ સભા દિવ્ય છે એવું સમજાય તો શ્રીજીમહારાજ હડેડાટ તેડી જાય છે. તમારે તો જીતનો ડંકો વાગી ગયો છે. મહાપ્રભુજી અક્ષરધામનું જેટલું સુખ છે તેટલું બધુંય આપણા સારુ લાવ્યા છે. મૂર્તિથી ઓરું જે જે સુખ છે તે ગુંદાના ઠળિયા જેવું છે. અંત વખતે મહારાજનું સુખ જેવું છે તેવું તમને બતાવી દેશું. મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે. ગરીબ નિવાજ છે. સત્સંગમાં જે મુદ્દો છે તે આપણને મળ્યો છે. તે મુદ્દો શું તો મહારાજની મૂર્તિ. અમારો વેપાર જીવને કારણ મૂર્તિમાં પહોંચાડવા એ જ છે. મહારાજ વિના જો ખોટો ઘાટ થાશે તો જન્મ ધરવો પડશે. મહારાજ અને આ મુક્તનાં દર્શન સ્પર્શાદિકનાં ફળનું માપ થાય નહિ; એ તો અપાર ને અવિનાશી છે. અનાદિ મુક્ત અનાદિ કાળથી મૂર્તિમાં સળંગ રહીને નવીન નવીન સુખ લે છે એમને પણ મૂર્તિનો કે સુખનો પાર આવતો નથી. વચનામૃતમાં શ્રીજીમહારાજનો એકલો રસ ભર્યો છે. મહારાજ આજ મધ્યસ્થ બિરાજે છે ને ફરતા મુક્ત બેઠા છે. આ સત્સંગમાં અવતારાદિકને, બ્રહ્મકોટીને તથા અક્ષરકોટીને પણ આવ્યા વિના છૂટકો નથી. શ્રીજીમહારાજ અને તેમના મુંક્તને મુકરદમ રાખવા. શ્રીજીમહારાજ ને એમના મુક્તની સેવાથી

એમને જમાડવાથી મૂર્તિનું સુખ મળે છે, શ્રીજીમહારાજ અને મોટા મુક્તને સાથે રખવાળા રાખવા, એક મૂર્તિ ને મુક્ત તેમને બાઝવું, શ્રીજીના ભક્તની તો મોટા મોટા અક્ષરકોટી પણ પ્રાર્થના કરે છે, આજ સંવત ૧૮૩૭થી મોક્ષનો માર્ગ શ્રીજીમહારાજે ચલાવ્યો છે માટે બીજે ભટકાવું નહિ, શ્રીજીમહારાજનો મહિમા તો અનાદિ મુક્તોથી પણ પૂરો કહેવાય તેમ નથી માટે મોટાના વચનમાં શાસ્ત્રની સાખ ન લેવી, સુખ તો મૂર્તિમાં જ છે પણ બીજે નથી, પુરુષોત્તમ ભગવાન ને મુક્ત તો જુદા પડતા જ નથી, મૂર્તિની સભાના કહેનારનું ન માનીએ તો આપણે કઈ જગ્યામાં રહેવું? મોક્ષનો દરવાજો બંધ કરવો નહિ, આથી પછી બીજા ક્રિયા કહેનારા આવશે, આજ અભયદાન આપે છે તે સર્વે આવરણ ટાળીને મહારાજની મૂર્તિમાં બેસારી દે છે, આજ મહારાજ ને મુક્ત ખરેખરો શ્વાંત વરસાવે છે તેને જો અધરથી ઝીલે તો મૂર્તિના સુખે સુખિયા થવાય, આ સભાનો અક્ષરધામની સભા જેટલો મહિમા સમજાય તો દેહ મૂકીને છેટે જાવું નથી, માયાનો પડદો ટળે તો આ સભા દિવ્ય તેજોમય ઝળઝળાટ તેજમાં મૂર્તિ ને મુક્ત દેખાય, જીવ ઝીણો ને મહારાજ ને મુક્ત મોટા તેનો પાર ક્યાંથી પમાય? આ સભાને શ્રીજીમહારાજે મોકલી છે-મહારાજ પણ ભેળા બિરાજે છે ને સુખ આપે છે, શ્રીજીમહારાજે પોતાના જે લાડીલા ને ખાનગી હજૂરી છે તેને

કલ્યાણની કૂંચી સોંપી છે. આ જીવને લેવા શ્રીજીમહારાજ ને એમના મુક્ત આવ્યા છે. તે જાત-કુજાત જોતા નથી. સર્વેને ન્યાલ કરે છે. આ સભામાં દિવ્યભાવ આવે તો છેતે દેહે ધામમાં બેઠા છીએ એવું થઈ જાય. શ્રીજીમહારાજ જેને પ્રત્યક્ષ મળ્યા તેને વૈભવ ઘણા મળ્યા છે માટે અયોગ્ય ક્રિયા ન કરવી. શ્રીજીના આશ્રિત બીજે માથાં ભટકાવવા જાય તે બહુ જ અજ્ઞાન છે. આપણે તો શ્રીજીની સભામાં જ બેઠા છીએ પણ મરીને જાવું નથી. આ જોગમાં રહીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ નહિ કરે તો મહારાજના ને મોટાના ગુનેગાર થાશે. મૂર્તિની વાત કરીએ ત્યારે જાણે વજ્ર કમાડ દીધાં પણ એ તો જરૂરાજરૂર કરવું જોશે. ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઈ જાય. દેહ રાખવાનું જેટલું તાન છે તેટલું જો મૂર્તિનું જતન કરે તો મૂર્તિ સાક્ષાત દેખાય. આજ મહારાજ ને મોટા સભામાં બિરાજે છે તે આગ્રહ કરો તો સાક્ષાત્કાર કરાવી દે. એની આ સભા સાક્ષી છે. આ વખતે મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય તેવું છે. આ ટાણે સાક્ષાત્કાર નહિ કરો તો પછી કોણ કરાવશે? આવી વાત પછી કોણ કરશે? માટે આ કરો. બીજું સર્વે પડ્યું મૂકો. મૂર્તિ રાખો તો બધુંય આવ્યું. આ ટાણે જરૂર મૂર્તિ સિદ્ધ કરવી; મૂર્તિમાં રહે તેને મારું નહિ, તારું નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ. એને કાંઈ જોઈએ જ નહિ. જે મૂર્તિ

અક્ષરધામમાં છે તે જ મૂર્તિ મનુષ્યરૂપે અને પ્રતિમારૂપે દર્શન આપે છે એમ સમજાય તો કામ નીકળી જાય. અક્ષરધામમાં મૂર્તિ છે તે જ પ્રતિમા છે પણ એક રોમનો ફેર નથી. જો ફેર જાણે તો દ્રોષ કર્યો કહેવાય. આજ ધણીએ મોટા મળ્યા ને પ્રાપ્તિએ મોટી મળી માટે હવે તો કરવા મંડવું. જો ન કરે તો કૃતઘ્ની કહેવાય. મહારાજની ઉપાસના તો આ સત્સંગમાં છે. પણ બીજે ગોલોક, વૈકુંઠ, બ્રહ્મકોટી કે અક્ષરકોટીમાં ક્યાંયે નથી. બીજી સભાઓના મુક્તોથી તથા તેમના સ્વામીઓથી પણ આ સત્સંગમાં શ્રીજીમહારાજના મુક્ત વિશેષ છે. એક શ્રીજીમહારાજનો જ આધાર હારલની લકડીની પેઠે રાખવો. મૂળ અક્ષરકોટીને પણ આ મુક્તનાં દર્શન નથી તે તમને મળ્યા છે. જો શ્રીજીમહારાજને ને અનાદિ મુક્તને સાથે ને સાથે રાખે તો સત્સંગ દિવ્ય જણાય. તમને બધાયને મૂર્તિમાં મૂક્યા છે. સુખ માત્ર બધું આ સભામાં છે પણ મફતનું અપૂર્ણપણું રાખે છે. શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજી ઇચ્છા રહે તે દુષ્ટ વાસના જાણવી. અમે તો ધણીનો ને ધણીના લાડીલા મુક્તનો મહિમા કૃપા કરીને કહીએ છીએ. શ્રીજીમહારાજને જેવા છે તેવા સમજો ને આજ્ઞા પાળો તો અમે સહાય કરીને મૂર્તિના સુખમાં મૂકી દઇશું. આ શબ્દ નીકળે છે તે સ્વામિનારાયણની મૂર્તિમાંથી નાદ નીકળે છે. આ મહિમા સમજાય તો કાંઇ બાકી રહે જ નહિ. સાધને કરીને

કલ્યાણ લેવું તે દહાડી કર્યા જેવું છે ને આશરે આવીને દેહ, મન ને જીવ સોંપી દે તો કલ્યાણ થાય તેમાં કાંઈ વાર લાગે નહિ, આ વખત ને આ દાવ જો ભૂલ્યા તો પૂરું થાય એમ નથી, માટે ચાલોચાલ સત્સંગ ન કરવો, જેમ ચમક લોહને ખેંચે છે તેમ અનાદિ મુક્ત મૂર્તિમાં ખેંચી લે છે, મહારાજ મોંઘા બહુ છે તે તપે કરીને, સેવાએ કરીને, ભક્તિએ કરીને કે કોટી સાધને કરીને પણ મળે તેમ નથી, પણ આજ સોંઘા થયા છે, મુક્તનું ને મહારાજનું સુખ, મહિમા ને સામર્થી તેનો કોઈ પાર પામે તેમ નથી, જેવા છીએ એવા ઓળખો તો દરિયામાં દોટ દેવાનું કહીએ તો પણ ધો, સ્વામિનારાયણને જેવા જાણશું તેવા કરશે, આવા મહારાજ ને આવા મુક્ત અહીં જ છે માટે તેનો કેફ રાખવો, શ્રીજીમહારાજ ને મોટા તો જેવા ધામમાં છે તેવા ને તેવા જ દિવ્ય છે, મૂર્તિના ઘરાક નથી થાતા તે તો મૂર્તિ વિના વાંઝિયા પડ્યા છે, સત્સંગમાં આજ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ બિરાજે છે, આજ મોટા મુક્ત મૂર્તિમાં રમ્યા કરે છે, આ તો દિવ્ય સભા છે, શ્રીજીમહારાજ અને તેમના અનાદિ મુક્તનો જોગ એક સરખો જ છે, શ્રીજીમહારાજ રોઝે ઘોડે સત્સંગમાં ફરે છે, મુક્તો ભેળા ફરે છે અને સત્સંગની રમત જુએ છે, આજ સત્સંગમાં ભગવાન બિરાજે છે પણ પાપી અને અધર્મી છે તેના મતે નથી, મહારાજને સંભારશો તો સદ્‌ગુરુ થાશો અને મહારાજને

મૂકશો તો કોઈ ભાવ નહિ પૂછે, આ સત્સંગમાં શ્રીજીમહારાજ ઘોડે ચડીને ફરે છે, આજ્ઞા લોપે તેને ચાબુક મારે છે, આ સભા દિવ્ય તેજોમય અક્ષરધામની સમજવી, આજ શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રત્યક્ષ વિચરે છે તેમને પાપી અસુર તે ન જાણે, શ્રીજીમહારાજની મૂર્તિનો સુખ ભોક્તા થયો તેને ઝળળળ ઝળળળ મૂર્તિનું તેજ છૂટે પૂરું ન થવાય કે હવે જમી રહ્યા, શ્રીજીમહારાજની મૂર્તિમાંથી તેજ ઝળેળાટ નીકળે છે તેનો ઘોષ થાય છે તેને પ્રણવનાદ કહેવાય, અક્ષરથી પર આનંદઘન જે પોતાનું તેજ તેમાં શ્રીજીમહારાજ મુક્તે સહિત રહે છે ત્યાં તેજના ફુવારા છૂટે છે, તેમાંથી ખુશબો આવે છે, મહારાજે ધર્મધુર માર્ગ બાંધ્યો છે, આ સભા અક્ષરધામની જાણે તો સુખના સમુદ્રમાં ઝીલે, મૂર્તિમાં રસબસ થઈ જાય તો ત્રિવિધિ તાપ ન નડે, આવા સ્વામિનારાયણ ભગવાન અને સંત અનંત કોટી બ્રહ્માંડમાં ન મળે તે આજ મળ્યા છે, મહારાજે તો સુખ ઘણું આપ્યું છે પણ જીવથી ભોગવાય નહિ, અમે તો અનંત જીવનો ઉદ્ધાર કરવા આવ્યા છીએ, શિતળ, શાંત જે અક્ષરધામ તેમાં મહારાજ બેઠા છે તે આપણે નજરે દેખીએ છીએ, મહારાજની મૂર્તિથી જુદાં પડવું નહિ, અમે તો જીવને શ્રીજીમહારાજ પાસે લઈ જવા આવ્યા છીએ, માટે અમારો દાખડો સુફળ કરજો.

આજ તો કૃપાસાધ્ય ભગવાન છે તે કૃપા અપાર કરે છે, અમે અક્ષરધામમાંથી તમને સર્વને ખણવા આવ્યા છીએ, આપણે તો એ કારણ મૂર્તિનું જ કામ છે. મૂર્તિમાંથી ઝળળળ ઝળળળ તેજ છૂટે છે-તે તેજમાં મૂર્તિ રહી છે. મહારાજ તો કેવળ કૃપાસાધ્ય છે, તે કૃપા કરીને આજ જીવના ઉદ્ધાર કરે છે, આ સભા મૂર્તિ પધરાવે છે, શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ વિના બીજું કોઈ પ્રધાન રહે તેવું રાખ્યું નથી, બીજા અવતારમાં સ્વામિનારાયણ ભગવાન જેવો ભાવ બેસે તો પતિવ્રતાપણું જાય, આજ સાક્ષાત્ શ્રીજીમહારાજ મધ્યસ્થ બિરાજે છે અને મુક્ત ફરતા બેઠા છે, માટે સદાય પ્રત્યક્ષ છે, અમારે તો સર્વેને મહારાજની મૂર્તિમાં રાખવા છે, અક્ષરધામમાં બે ભુજાવાળા ભગવાન બિરાજે છે, આપણા પતિ બે ભુજાવાળા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને ઓળખવા, આપણને તો મહારાજે ન્યાલ કર્યા છે, એ કારણ મૂર્તિના આધારે સૌ સુખિયા છે, સર્વે સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે; મહારાજની મૂર્તિમાં સુખ, સુખ ને સુખ જ છે, શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિમાંથી અનંત અપાર સુખ ઉત્પન્ન થઈ અનાદિ મહામુક્ત દ્વારે સત્સંગમાં ફેલાય છે, મોટાની સેવા અને સમાગમ કરવાથી મહારાજની મૂર્તિ રૂપી ફળ પ્રાપ્ત થાય છે, અનંત પ્રકારનાં સુખ માત્ર શ્રીજીની મૂર્તિમાં રહ્યાં છે, આપણે તો એક ચિંતામણિરૂપ

મહારાજની મૂર્તિ રાખવી ને અનાદિ મુક્તનો જોગ રાખવો, વસમી વેળાએ વહાર કરનારા આ મુક્ત છે. મહારાજનો કે મોટાનો જોગ થયો એટલે સંપૂર્ણ માનવું. આપણને મહારાજ ને મોટા મળ્યા હવે કોઈ વાતનો વાંધો રહે તેમ નથી. મહારાજના મહિમાનું બીજ સર્વે વાતમાં લાવવું. મહારાજના પ્રસંગ વિનાની લૂખી વાત ક્યારેય પણ કરવી નહિ. મહારાજને અને અનાદિ મુક્તને જુદાપણું નથી. આ લોકમાંથી લૂખા થઈને મહારાજની મૂર્તિમાં જોડાઈ જાય તો અવયવ ફર્યા કહેવાય. આ જીવને ઉગારવા સંત ભાતાં બાંધીને ફરે છે તેથી એમના થઈ રહેવું. કલ્યાણ સ્વામિનારાયણને ઘેર છે. બીજે ક્યાંય નથી. શ્રીજીમહારાજ સૌને અભયદાન આપે છે તેથી સત્સંગમાં સર્વે સુખિયા છે. શ્રીજીમહારાજને જેવા છે તેવા જાણવા એ તો બહુ ભારે વાત છે. મહારાજની મૂર્તિમાંથી નવીન નવીન ખુશબો છૂટે છે. અનાદિ તો રસબસ થકા રોમરોમનાં સુખ લે છે. મહાપ્રભુ ન્યાલકરણ પધાર્યા છે. મહારાજની મૂર્તિ આવી તો સર્વે વસ્તુ હાથ આવી. આપણે તો એક સ્વામિનારાયણ રાખવા. ધણી સત્સંગમાં અખંડ બિરાજે છે. મૂર્તિ વિના અમે બીજું જોતા નથી. આજ મોટા સોંઘા થઈને દર્શન દેવા આવ્યા છે. શ્રીજીમહારાજ ને આવા મોટા સંત હરકોઈ બ્રહ્માંડમાંથી ખોળી લાવે તો ઇનામ દઈએ પણ તે તો સત્સંગમાં છે. આવા

મહારાજ ને તેમના અનાદિ આ સભામાં દર્શન દે તે કાંઈ થોડી ઘણી વાત નથી. આ ટાણે તો અમૃત લૂંટાય છે. આવા જોગમાં કોણ રહી જાય! આવી દિવ્ય સભાનાં સુખ કોણ મૂકી દે! શ્રીજીમહારાજ તથા મોટાને લઈને આપણી મોટ્યપ છે. મહારાજે અનંત મનવારો ભરવાનું ધાર્યું છે. એમના મુક્તનું પણ એ જ કામ છે. આ સમે મહારાજે કલ્યાણનું બહુ સુગમ કર્યું છે. શ્રીજીમહારાજનો પ્રતાપ તો બહુ જબરો. ગામોગામ મોક્ષના દરવાજા ઉઘાડા મેલ્યા છે. મહારાજનો સાક્ષાત્કાર થયો તેને બધુંય દિવ્ય થઈ ગયું. મહારાજનો સંકલ્પ છે કે અમારી નજરે ચડ્યો તેને મૂકવો નથી. એમના અનાદિને પણ એ એક જ કામ છે. ભગવાનના ભક્તને તો એક ભગવાન ખપે. એનો આનંદ ને એની ખુમારી જોઈએ. એક પુરુષોત્તમ ભગવાન ને તેમના અનાદિ રાખીએ તો બીજું કાંઈ ભાસે જ નહિ -આનંદ આનંદ થઈ જાય. મૂર્તિથી નોખું પડાય તો સત્સંગમાં તેની જય થાય નહિ. અનાદિ મુક્ત તો મૂર્તિમાં રહ્યા થકા ખંપાળી નાખીને જીવને ઢસરડી લે છે. આપણે તો એક છોગલાંવાળા સ્વામિનારાયણને રાખવા. જો એ આપણી ભેળા હોય તો હય્યો. અમારે ઘેર એ જ વેપાર છે. બીજો વેપાર કોઈ કરશો નહિ. આ સભામાં મોટા અનાદિ બેઠા છે. સત્સંગમાં હજારો-લાખો મુક્ત બધાય સહાયમાં છે. મહારાજ સત્સંગની વહારે ચડ્યા છે. આ તો અનંત કોટી

બ્રહ્માંડના રાજાધિરાજ છે. સ્વામિનારાયણને ઘેર બધી વસ્તુ છે. અનાદિ વસ્તુ ઓળખવી બહુ કઠણ છે. આ સભા અક્ષરધામની છે તેને ચૂંથી ન નાખવી. મહારાજ અને તેમના અનાદિ તો આ રહ્યા-પ્રત્યક્ષ છે. અમારો સિદ્ધાંત એવો છે કે મૂર્તિ અને મુક્ત વિના બીજી કોઈ વાત જ નથી. મૂર્તિ છે તે ચિંતામણિ છે. કલ્પતરુ છે. મહામોંઘી વસ્તુ છે-તેને મોટા મુક્ત પારખે છે. જેવા તેવાનું આમાં કામ નથી. મહારાજ તથા મોટા મુક્ત અધમ જેવા જીવને વિષે પણ સારો સંકલ્પ કરે છે. ખરો ઝવેરી હોય તો આવા હીરાનું પારખું કરે. મહારાજનો ખરો મહિમા તો અનાદિ મુક્ત જ જાણે. ભગવાન પાસે સુખના ઢગલે ઢગલા છે તેથી માગીએ તો મૂર્ખ કહેવાઈએ. મહારાજ અને મોટા મુક્તથી છેટે ન રહેવું. અને તે વિના બીજું જોવાનો ઠરાવ રાખવો નહિ. તેજનો સમૂહ દેખાય તો તેમાં શ્રીજીમહારાજની મૂર્તિ જોવી ને તેમાં વળગી જાવું પણ તેજમાં સુખ માનીને મૂર્તિ વિના એને જોવું નહિ. આજ તો સ્વામિનારાયણ ભગવાન ને તેમના મુક્ત અઢળક ઢળ્યા છે. આવી દિવ્ય સભામાં મોક્ષનું દાન માગવું. મહારાજની મૂર્તિમાંથી અલૌકિક સુખ આવે છે. મહારાજ અને અનાદિ મુક્ત અરસપરસ છે. મોટા મુક્તના જોગે કરોડો સુખિયા થઈ ગયા. આપણે તો અક્ષરધામના પતિ પુરુષોત્તમનારાયણના રાજ્યમાં છીએ. આપણને

પુરુષોત્તમનારાયણ જેવા પતિ એટલે અવિનાશી વર મળ્યા એમ જાણી આનંદના સમુદ્રમાં ઝીલવું, મોટા મુક્ત મહારાજ વિના એક  ક્ષણ માત્ર પણ જુદા રહેતા નથી, મોટા તો પુરુષોત્તમ ભગવાનના લાડીલા મુક્ત છે, અમારે તો કોઈને મૂકવા નથી-ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચાડવા છે, મહારાજ અને મોટાને આશરે સુખિયા રહેવું, મહારાજની મૂર્તિ છે ત્યાં સર્વે મુક્ત છે, આ તો દિવ્યસભા છે તેને મૂકીને એકલા ન રહેવું, મહારાજ અને મોટા અનાદિ મળ્યા એટલે જીતનો ડંકો થઈ ગયો, આપણે તો મહારાજ અને મોટાના ખોળામાં મસ્તક મૂકી દેવું, અનાદિના સંકલ્પે મૂર્તિ મળે છે, મહારાજ તો ચક્રવર્તી રાજાને ઠેકાણે છે, ખરી મોટપ એક મહારાજની મૂર્તિમાં છે, એક પારસથી પારસ બને એવા મહારાજ છે, આ તો સુખનો સમુદ્ર છે, અમે તો એવા જ આશીર્વાદ દઈએ છીએ કે સત્સંગ સાજો આબાદ ભગવાન પાસે જાય અને બધાય અનાદિની પંક્તિમાં ભળી જાય, સ્વામિનારાયણને ત્યાં મડદું નહિ શોભે, મોટા અનાદિને તો અવતારાદિક પણ વંદે છે, જેટલા ભગવાનના અવયવ એટલા અનાદિ મુક્તના અવયવ, તેજોમય મૂર્તિ ઝળક ઝળક ઝળકે છે તેમાં મુક્ત સર્વે રહ્યા છે, આપણને તો કારણ મૂર્તિ શ્રીજીમહારાજ મળ્યા છે, આ સભા સ્વામિનારાયણ ભગવાનની છે, આ સભામાં બહુ મોટું કામ થાય છે, અનાદિની તો વાત જ શી કહેવી?

તેમને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. આ સભામાં મહારાજ અખંડ બિરાજે છે. તે ભગવાન જેવા બીજા કોઈ અનંત બ્રહ્માંડમાં નથી. આ તો ન્યાલકરણ પધાર્યા છે. મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે. આપણું પૂરું કરવું તે મહારાજ અને મોટા મુક્તના હાથમાં છે. આ તો ખરો મુદ્દો હાથ આવ્યો છે તે જો મૂકી દઈએ તો રખડી પડીએ. શ્રીજીમહારાજ પોતાનો દિવ્ય સાજ લઈ પધાર્યા છે. મહારાજની સાક્ષાત્ વ્યતિરેક મૂર્તિનું સુખ આપણને મળ્યું છે. આ બધા હરિભક્તો જમે છે તે બધું અક્ષરધામનું દિવ્ય સુખ છે. કોણ પીરસે છે ને કોણ સુખ આપે છે એ જોવું. આ તો દિવ્ય મુક્ત-દિવ્ય મહારાજ સર્વે સાથે મળ્યું છે. શ્રીજીમહારાજે આ સમે આત્યંતિક મોક્ષ કરવા અક્ષરધામનાં બારણાં ઉઘાડાં મેલ્યાં છે. અનાદિ મુક્તનો મહિમા અતિશે જાણવો કેમ જે એમનું પ્રગટપણું અનંત જીવોના કલ્યાણને અર્થે છે. એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ-એવા મોંઘા મુક્ત છે. તે શ્રીજીમહારાજે સોંઘા કર્યા છે. મુક્ત તો હજૂરના રહેનારા છે. મહારસના પાન કરનારા છે. મહારાજની દયાનું માપ થાય તેવું નથી. અમૃતના સિંધુ ઉલટ્યા છે. કોઈ આવો! કોઈ આવો! આ ટાણે મહારાજે મોક્ષનાં સદાવ્રત બાંધ્યાં છે. આ વખતે મહારાજે ખંપાળી નાખી છે તેથી નજરે પડ્યો તેનું કામ થઈ જાય છે. મહારાજે તો એમ કહ્યું છે જે

અક્ષરધામમાં મૂર્તિ ને આ મૂર્તિમાં એક રોમનો ફેર નથી. સ્વામિનારાયણમાં ત્યાગ ભાગ નથી. એ તો અચળ, સનાતન ને અનાદિ છે ને સર્વેના ઉપરી છે. આપણે કારણનું સુખ, કારણની સભા, કારણનું તેજ ને કારણની સામર્થી તેનું કામ છે. આપણે તો એક મૂર્તિ જ રાખવી. દિવ્ય દૃષ્ટિ થાય એટલે આ રહ્યા, અપરીમ્ અપરીમ્ સુખનું સ્થાન એ મહાપ્રભુ છે. મહારાજ ને મુક્ત વિના આપણો ક્યાંય ભાગ નથી અને એ બે વિના બીજું ઠરવાનું ઠામ ક્યાંય નથી. શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરવાનું આ ટાણું છે. મહાપ્રભુ દયાએ કરીને પધાર્યા છે. સુખનો સમુદ્ર તો એક શ્રીજીમહારાજ જ છે. મહારાજ તથા અનાદિમુક્ત જેમ છે તેમ દેખાય તો દિવાના-મસ્તાના થઈ જવાય. શ્રીજીમહારાજ અને મોટા અનાદિ વર્તમાનકાળે સાવ સોંઘા છે. આ બધી સ્વામિનારાયણની ફૂલવાડી છે. આ સંત હરિભક્તરૂપ દિવ્ય વિમાન અક્ષરધામ સુધી ઊડે છે. તે ઠેઠ મહારાજની મૂર્તિમાં ઠરીને બેસે છે. આપણે જોયા જેવું તો એક મહારાજનું રૂપ છે. મહારાજની મૂર્તિ વિના બીજે રોગી વાની ઊડે છે. ભગવાન તો એક પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ જ છે. તે સિવાય બીજા કોઈ ભગવાન નથી. મહારાજ ને મહારાજના અનાદિ મુક્ત તે તો એક સંકલ્પે અક્ષરધામમાં પહોંચાડી દે છે એવા સમર્થ છે. આવા અનાદિ મુક્ત મૂર્તિમાં કિલ્લોલ

કરનારા તેમનાં પગરખાંમાં પણ આ જીવને બેસવા ન મળે તે આપણને દયા કરીને કહે આવો, અહીં બેસો, આજ ખરેખરી શરદઋતુ છે, આ વાતો મહારાજની મૂર્તિમાંથી આવે છે, મોટા વાતો કરે તે ચકોર પક્ષીની પેઠે સાંભળવી, આપણે એક શ્રીજીમહારાજ સારુ ભેગા થયા છીએ, અમારે તો કોઈને બીજે જવા દેવા નથી, ઠેઠ અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં મૂકી દેવા છે-કેટલાયને મૂકી દીધા છે, સમર્થ ધણીએ હાથ ઝાલ્યો છે તે મૂકે એવા નથી, આ અભયદાન છે એ છેલ્લો લેખ છે, આ તો કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે, સુખમાં સુખ તો શ્રીજીમહારાજની મૂર્તિ છે, તે કારણ મૂર્તિને બાઝવું, મૂર્તિથી બહાર નીકળે તે સુખિયા ન થાય, મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે, સૌને માથે ઠેક દઈને પુરુષોત્તમનારાયણ પાસે પહોંચવું, સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં અખંડ બિરાજે છે, તેમની બીક ન લાગે એ કેવડું બધું અજ્ઞાન! મહારાજની આજ્ઞા લોપાય તો અપમૃત્યુ થયું જાણવું, સુખ માત્ર શ્રીજીમહારાજની મૂર્તિ અને મોટા અનાદિ મુક્તને આશરે રહ્યું છે, મહારાજના અનાદિ મુક્ત તો કરોડોને મૂર્તિનું સુખ આપે એવા સમર્થ છે, મહારાજે તથા અનાદિ મુક્તે હાથ ઝાલ્યો તે કોઈ દિવસ મૂકે નહિ, છેલ્લી વખતે આવું ને આવું રહે એટલે બસ છે, આ સમયે મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે, લાખો કરોડો જન્મે આવું થાય તેમ નથી, આપણે કૂદી કૂદીને દેહ પાડી

નાખીએ એટલો આનંદ થાય પણ સમજાતું નથી. શ્રીજીમહારાજનો ચમત્કાર બહુ મોટો છે. મહારાજને સર્વોપરી સમજવા. બીજા કોઈના હાથમાં હુકમ નથી. અમને તો એક સાચી જણસ સ્વામિનારાયણની મૂર્તિ લાગે છે. મૂર્તિમાં અપાર અલૌકિક અનહદ સુખ છે. શ્રીજીમહારાજની મૂર્તિમાંથી તેજના અનંત બંબ છૂટે છે. એવી અલૌકિક મૂર્તિમાં અનંત અનાદિ મુક્ત રસબસ રહ્યા થકા પુરુષોત્તમના સંકલ્પે અહીં દેખાય છે. મૂર્તિ રાખ્યા વિના સાજો જન્મારો એમ ને એમ નીકળી જાય, પણ કામ ન થાય. મહારાજની મૂર્તિ વિના ઘડી પણ રહેવું નહિ. મહારાજને પ્રતાપે શું ન થાય? આવું સુખ સ્વામિનારાયણ ભગવાનના ઘર વિના બીજે ક્યાંય નથી. આપણે તો એ અખંડ અવિનાશી વરને મુખ્ય રાખવા. મૂર્તિમાં સુખ, સુખ ને સુખ જ છે; તે સુખનો જે પારખુ થયો હોય તેને ખબર પડે. મૂર્તિમાંથી બહાર નીકળે તો માર ખાય. અનાદિ મુક્તની કૃપાસાધ્યમાં પડ્યો રહે તો એ મૂર્તિના સુખમાં લઈ જાય. આ સભાની રજ લઈને કોઈ માથે ચડાવે તો અનંત જન્મનાં પાપ બળી જાય. મહારાજની મૂર્તિમાંથી સુખના ધોધ છૂટે છે. મહારાજ ને મુક્ત તે આપણા આધાર છે. ઝળળ ઝળળ મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. અનાદિ મુક્ત મૂર્તિનું સુખ લઈ સત્સંગમાં પ્રવર્તાવે છે. આપણે તો મૂર્તિના સુખનો જ આહાર કરવો. અનાદિ મુક્ત છે તે તો

મૂર્તિના સુખરૂપ અમૃતનો આહાર કરે છે, અમૃતમાં નહાય છે ને અમૃતના યજ્ઞ કરે છે-તે સુખ આપણે પામવું છે. શ્રીજીમહારાજ સર્વના કારણ છે, સર્વના કર્તાહર્તા-સર્વના નિયંતા-સર્વોપરી અકળ મૂર્તિ છે, બીજા કોઈ ગમે તેવા જાણતા હશે પણ અમને તો એક સ્વામિનારાયણ સ્વામિનારાયણ આવડે છે, એ મૂર્તિ વિનાનો અમારે બીજો એકે ઠરાવ નથી-સૌને મૂર્તિમાં રાખવા છે, જોજો તો ખરા; આમ ને આમ સાજી સભા અક્ષરધામમાં જઈને બેસશું. મહારાજ ને આ સભા એ બે જ કલ્યાણકારી છે, આ તો મહાપ્રભુ અઢળક ઢળ્યા છે, કેવડા મહારાજ ને કેવડા અનાદિ મુક્ત! આ તો ભારે વાત બની ગઈ છે, આવા મહારાજ અને અનાદિ મુક્ત મળ્યા એવા જોગમાં હારી જવું નહિ. અમે તો સદાય મહારાજની મૂર્તિમાં જ રસબસ છીએ તેના સ્વામિનારાયણ સાક્ષી છે, આ સભા સનાતન છે, આપણા ઉપર મહારાજની અમૃત નજર છે, દોયલી વેળાના દામ ને ખરી વેળાનો ખજાનો એક શ્રીજીમહારાજ છે, આ સમે મહારાજે કોઈ વાતે સુખ આપવામાં મણા રાખી નથી, અમે તો મહારાજની મૂર્તિ આપીએ છીએ, મહારાજે આ લોકમાં દર્શન આપી અક્ષરધામ તુલ્ય સુખ વર્તાવી દીધું છે, શ્રીજીમહારાજ ન્યાલકરણ છે તેથી જીવના વાંક ગુના સામું જોતા નથી-એવા દયાળુ છે, આવી વાત જો ખરેખરી મનાય

તો ટૂક ટૂક થઈ જવાય, શ્રીજીમહારાજે આપણો હાથ ઝાલ્યો છે તે મૂકે તેવા તો નથી પણ આપણે અહંમમત્વ કરીને મૂર્તિથી જરાય જુદું ન પડવું. અનંત બ્રહ્માંડમાં જે જે તેજોમય છે તે મહારાજના તેજ વડે છે. આપણને તો મૂર્તિની પ્રાપ્તિનો લાભ જબરો મળ્યો છે. પણ જો સમજણ ન હોય તો અફસોસ મટે નહિ. આપણે હવે મહારાજ તથા મોટા અનાદિને ખરેખરા જીવનરૂપ કરી રાખવા. આપણે તો બહુ ભારે ટાણું આવી ગયું છે. સર્વે સારનું સાર શ્રીજીમહારાજની મૂર્તિ છે. અમે તો અવતારી જે શ્રીસ્વામિનારાયણ ભગવાન તેમના અવતાર જે અનાદિ મુક્ત તે છીએ. અમારો ઠરાવ તો એક મૂર્તિ આપવાનો જ છે. આ સમે શ્રીજીમહારાજે કલ્યાણ બહુ સોંઘું કર્યું છે. જો ઓળખે તો મહારાજ અથવા મહારાજના મુક્ત એક ઘડીમાં મોક્ષ કરી દે એવા છે. અમારી દૃષ્ટિ તો એવી છે જે નજરે ચડે એટલામાં કલ્યાણ કરીને મૂર્તિમાં મૂકી દઈએ. મૂર્તિમાં અનંત મુક્ત કિલ્લોલ કરે છે. ફરતી સભા બેઠી છે-સર્વે તેજોમય છે. સભામાં મૂર્તિના સુખના ઘન વરસે છે. આ દિવ્ય સભામાંથી તેજ ફરર ફરર નકીળે છે. આ સભાના સંકલ્પ ચાલે છે. આ ટાણે કંઈક ન્યાલ થાય છે. ક્યાં અનંત કોટી બ્રહ્માંડના પતિ! ને ક્યાં પામર જેવા જીવ! આવો અલૌકિક ભાવ આવે તો દિવાના થઈ જવાય. મૂર્તિને ભૂલીને કાર્યમાં હણોહણ કરે તો શું

કમાણા! અનાદિ થકી અનાદિની સ્થિતિ થાય પણ તે વિના શું થાય? મહારાજ પોતાની મૂર્તિમાં કેવળ કૃપાએ કરીને રાખે છે. મહાપ્રભુના અનન્ય આશ્રિતને મૂર્તિના બળની ખુમારી રાખવી. અમને તો એમ છે જે કોઈ હાથ જોડે એટલામાં ન્યાલ કરી મૂકીએ એટલે મૂર્તિના સુખમાં પહોંચાડી દઈએ. જેનાં મોટાં ભાગ્ય હોય તેને શ્રીજીમહારાજનું ને આ સભાનું દર્શન થાય છે. આજ તો રોકડું કલ્યાણ છે-ઉધારાની વાત નથી. આપણે તો મૂર્તિ મુખ્ય રાખવી તો સુખિયું થવાય. એ વિના કોટી સાધને આત્યંતિક મોક્ષ રૂપ કામ થાય તેવું નથી. મહારાજ તથા મોટા મુક્તનું જ્ઞાન થાય તેને તો અખંડ સ્મૃતિ રહે, મૂર્તિ ભુલાય નહિ. આ તો સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે. આપણે ઘેર ભારે સુખ છે. જેને મૂર્તિનું સુખ આવે તથા મોટા મુક્તનો મહિમા સમજાય તેને આનંદ આનંદ થઈ જાય. આપણે તો મૂર્તિના સુખરૂપ મહારસનું પાન કરવું, એ અમૃત રસ મેલીને પ્રકૃતિના કાર્યમાં કુટાવું નહિ. આ સભામાં કોઈ મનુષ્યભાવ પરઠશો નહિ. આ તો બહુ અલૌકિક પ્રાપ્તિ છે. અમારે તો સૌને મૂર્તિને સુખે સુખિયા કરવા છે. જેવડા શ્રીજીમહારાજને જાણી શકો તેવડા જાણો તોય મહારાજ તો સર્વેને અપાર ને અપાર રહે છે. મહિમા તો ઘણો સમજવાનો છે પણ જો જેમ છે તેમ કહીએ તો ખમાય નહિ. આ સભા સર્વત્ર છે. મહારાજની મૂર્તિમાં અખંડ જોડાઈ રહેવું ને સદાય એમ જ વર્તવું.

ઘર મેલવું ત્યારે પણ એવો વિચાર કરવો જે વનમાં જઈએ છીએ ને ગોળા માગી ખાશું ને ભગવાન ભજશું, એવો ભાવ સદાય રહે તો સુખે ભગવાન ભજાય. ધર્મામૃત નિષ્કામશુદ્ધિ તેનું અનુસંધાન રાખે નહિ તો તે સાધુ ન કહેવાય. જો મહારાજના વચનથી બહાર પડે એટલે નિષ્કામ નિર્લોભ એ વર્તમાનમાં ફેર પાડે તો મોટો વિમુખ કહેવાય ને તેનો તો વિશ્વાસ થાય જ નહિ. ક્રિયા એટલે વર્તમાન એકેય પાળવું નહિ અને બેસવું મહારાજના ઘરમાં તે તો બહુ કઠણ છે. માટે મહારાજનાં વચન પાળીને મહારાજને વશ કરવા. કેટલાક લાજે કરીને તથા દંભે કરીને વ્રત ઉપવાસ કરે ને છાનું ખાય તેણે તો શ્રીજીમહારાજને તથા સત્સંગને છેતર્યા માટે એને તો પાપ લાગે. સાધુએ ઝોળીનું અન્ન જમવું તે ઉપવાસી કહેવાય અને પત્તરમાં બધું ભેળું કરીને તેમાં પાણી નાખીને જમે તે ગોળા જમ્યા જેવું કહેવાય અને જુદું જુદું જમે તે સ્વાદીઓ કહેવાય. આવું સર્વોપરી સુખ પામવા સારુ મોટા મોટા સંત હતા તે જડ ચૈતન્ય માયાનો ત્યાગ કરીને વનમાં રહેતા ને ગોળા જમતા. આજ તો પત્તરમાં પાણી નાખતા રખે વધારે પડી જાય નહિ એવા ઘાટ કરે તે બહુ મોટી ખોટ કહેવાય. જો ઘાટ થાય તો ધર્મામૃત પ્રમાણે દંડ દેવો અને ગૃહસ્થને પણ સંકલ્પ થઈ જાય તો ધર્મશાસ્ત્ર પ્રમાણે દંડ દેવો. જડ ચૈતન્ય એ બે માયાનો ત્યાગ કરવો. કેમ

જે એ વિના પણ પત્તર સરખાં ભરાય છે. લૂગડાં તથા રહેવાનું સરખું મળે છે. એ બે વાતમાં ફેર પડે તો કલ્યાણની કલમ નીકળી જાય. ગૃહસ્થને પણ પંચ વિષય ત્યાગ કરવાના છે. સંત હરિભક્તોએ સુખિયા થવાનો ઉપાય કરવો. કચરો ને કંચન સમ જાણવાં ત્યારે સાધુ કહેવાય. સાકર ને મીઠું સમ થઈ ગયાં હોય તેણે પણ નિષ્કામશુદ્ધિ ને ધર્મામૃતમાં ફેર પાડવો નહિ તો જ મૂર્તિનું સુખ આવે ને તે જ પૂરો સાધુ કહેવાય. આજ્ઞામાં વર્તે ને વર્તાવે ને ઠરાવ સર્વે મેલાવે એવાનો સંગ સદા રાખવો. બોકડવટ કર્યું તો વેષ ભજવવો ને જો વેષ ન ભજવાય તો બોકડવટ કરવું નહોતું એટલે સંસાર મૂકીને સાધુ થાવું નહોતું. સાંખ્યયોગી રહીને ઘરનું ખાઈને મોટાનો જોગ કરવો તે ઠીક પણ ત્યાગી થઈને ધનનો પ્રસંગ રાખવો તે તો બહુ જ ભૂંડું કહેવાય. સાધુ પાળા બ્રહ્મચારીને પોતાનું દ્રવ્ય રાખવા રખાવવામાં સરખું પાપ છે. જો આજ્ઞા નહિ પાળો તો તમારે ને અમારે લેણાદેણા નથી. જેમ વિષ્ટાનો સંગ્રહ થતો નથી તેમ દ્રવ્યનો સંગ્રહ કરવો નહિ. અરે! તેથી પણ ભૂંડું જાણીને તેનો ત્યાગ કરવો. એ વિના શું ચાલતું નથી. ત્યાગી તો ગૃહસ્થ અન્ન વસ્ત્ર આપે તેના પણ દેણદાર થાય માટે એ દેણું વાળવાને માટે માળાઓ ફેરવવી અને પોતાનું પણ કરવું, નહિ તો નવ મહિનાની કેદ આવી પડશે. કૌપીન વિના ત્યાગી ફરે તે નગ્ન જાણવો. ત્યાગીનો વેષ હોય

પણ શ્રીજીમહારાજને ન રાખ્યા હોય તો બીજાનું પણ બગાડે. ભગવાં પહેર્યે શું થાય? જીવાત્મા મહાપ્રભુજીમાં જોડાય તે ખરું. જીવ શૂન્યકાર થઈ ગયો છે તે મારગે ચાલતો નથી ને કોઠારું, ભંડારું, મહંતાઈ વગેરેમાં સારું લાગે જે આપણા તડના ભંડારી કે મહંત થયા, પણ ધ્યાન કરવાની તો વાતેય નહિ ને કરવુંય નહિ; પણ તે કર્યા વિના છૂટકો નથી. પગલાં પદાર્થ કાંઈ કામનાં નથી. મૂર્તિ રાખો તો બધુંય આવ્યું. સત્સંગમાં બધી વસ્તુ છે પણ ભોગવવી નહિ ને રસના ઇંદ્રિયને તો વિશેષે કરીને નિયમમાં રાખવી. ઇંદ્રિયો તો પાડા જેવી છે માટે તેમને વશ કરવી. એને લાડ લડાવે ત્યાં સુધી સુખિયું થવાય નહિ. દેહ પડવાનો હોય તો ભલે પડે પણ ઔષધની તથા કોઈ દેવની આસ્તા ન રાખવી. દેહના સુખના ઉપાય ન ગોતવા. જે ટાણે જેવું મળે તેવું તેણે કરીને ખાડો પૂરવો પણ સારાં સારાં ભોજન મળે તેટલાં ગ્રહણ કરવાં નહિ. શિક્ષાપત્રી, નિષ્કામશુદ્ધિ ને ધર્મામૃત એમાં કહ્યા પ્રમાણે વર્તવું. અમારે તો આજ્ઞા પળાવીને ચોખ્ખા ચણક કરાવવાનું તાન બહુ છે. માટે આજ્ઞા યથાર્થ પાળે તો જ સુખી થાય. આ સંપ્રદાયમાં આવીને સ્ત્રી દ્રવ્યમાં આસક્ત થાય તે લોકોનો માર ખાય ને પોતાનુંય બગાડે અને બીજાનુંય બગાડે. કામ ક્રોધ માનરૂપી હાડકાં ન ચાવવાં. શ્રીજીમહારાજનો રાજીપો જે પંચ વિષયનો અભાવ કરે ને પુરુષ પ્રયત્ન કરે તે ઉપર જ

થાય છે માટે પંચ વિષયનો અભાવ કર્યા વિના છૂટકો નથી. જો નહિ ટાળો તો ઓચિંતાની કેદ આવી પડશે ને નવ મહિના સુધી પાચ પરુ વિષ્ટામાં ઊંધે માથે રહેવું પડશે. આજ ભગવા લૂગડાં મૂકી દઈને ધોળાં પહેરવાં પડે તો આબરૂ આડી આવે ને મરીને જન્મ ધરવો પડે એમાં આબરૂ આડી ન આવે. જુઓને! જડભરતને ત્રણ જન્મ ધરવા પડ્યા, માટે તપાસ કરવી. તો ત્યાગીને ગોદડી, તુંબડી, આસન, પટારા, પુસ્તક, ગુરુ, ચેલા એવાં ઘણાં ઠેકાણાં બંધાવવાનાં છે. એ તો અહીં બેઠા હોય ને અમદાવાદ કે મૂળી જઈને પટારો જોઈ આવે ને શિષ્યને કાંઈક કહી આવે. સેવા બહુ કરતો હોય પણ તે ધર્મમાંથી પડે તો તેનો પક્ષ ગુરુએ ન રાખવો ને તેને પ્રાયશ્ચિત્ત કરાવવું. પ્રાયશ્ચિત્ત ન કરે તેનો ત્યાગ કરવો. ઇંદ્રિયોના આહાર શુદ્ધ કરવા. બ્રહ્મચર્ય વ્રતમાં કુશળ ન હોય તેની રસોઈ ન લેવી. પવિત્ર ન હોય તેનું અન્નજળ ખાવા-પીવાથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને એનો વાયરો આવે તોય ભ્રષ્ટ થઈ જવાય. દાક્તરી ઔષધ ખાવું નહિ ને અજાણમાં ખવાઈ ગયું હોય તો એક ઉપવાસ કરવો. ઇંદ્રિયોના ગણ જીવને ક્યાંય લઈ જઈ ફગાવી દે. ત્યાગી તથા ગૃહસ્થ લોભથી કસાઈના જેવું કર્મ કરે છે. લોભથી લાંચ લેવાય, કોઈકને મારે, જુઠું બોલે, અન્યાય કરે. સાધુને તેમ જ ગૃહસ્થને માળા, માનસી પૂજા, કથા, વાર્તા, ધ્યાન, ભજન તે

ન થાય તો ખોટ કહેવાય. આજ્ઞા પાળવી, ધ્યાન ભજન કરવું, આ લોકમાંથી નિર્વાસનિક થાવું ને અખંડ મહારાજની મૂર્તિને સંભારવી એ કરવા ભેગા થયા છીએ. જે આજ્ઞામાં ફેર પાડે તે તો સ્વામિનારાયણનો કહેવાય જ નહિ માટે સાધુનો વેષ લીધે સાધુ ન કહેવાય અને સત્સંગીનો વેષ લીધે સત્સંગી ન કહેવાય. ગૃહસ્થને પણ ધ્યાન કરતા હોય ને ધ્યાનમાં મૂર્તિ દેખાતી હોય અને સમાગમ કરતા હોય પણ દેવનો ધરમાદો પૂરેપૂરો આપવો. ગૃહસ્થ હોય તેમણે તો શ્રીજીમહારાજ સુખેથી સાંભરે ને કથા, વાર્તા, ધ્યાન, ભજન, માળા, માનસી પૂજા વગેરે નિયમ બરાબર સચવાય અને પોતાના જીવાત્માનું પરલોક સંબંધી સુખ થવાનું સાધન સુખે થાય એવી રીતે દેહ નિર્વાહ જેટલો જ વ્યવહાર કરવો પણ વ્યવહારરૂપ થઈ જવાય એવો વેગે સહિત વ્યવહાર ન કરવો. મહારાજની અને મોટાની આજ્ઞામાં લેશ માત્ર ફેર પાડવો નહિ. ગૃહસ્થને ઘરેણાં, વસ્ત્ર, સ્ત્રી, છોકરાં એ બધું હોય પણ તેમાં હેત ન રાખવું તો કલ્યાણ થાય. પારકી અને પોતાની સ્ત્રી તે પણ તરવારની પેઠે નાશ કરે એવી છે માટે તેથી બીતા રહેવું. કળીમાં કામનું જોર છે માટે મા, બેન ને દીકરીથી પણ છેટે રહેવું. આજ્ઞા ન પાળે તો પૈસા ખુએ, નાતજાતમાં ફજેતી થાય ને લાજ વંજાવે ને મોક્ષથી પડે. સ્ત્રીની દૃષ્ટિમાં ઝેર રહ્યું છે તે ચઢીને જીવ લે એવી છે. ગૃહસ્થના આશ્રમમાં રહીને પણ નિર્વાસનિક રહેવું.'

આવી રીતે બાપાશ્રી વાતોમાં પ્રસંગે પ્રસંગે શ્રીજીમહારાજની મૂર્તિનો અલૌકિક પ્રતાપ તથા અનાદિ મુક્તની સ્થિતિનું તથા સુખનું તથા આજ્ઞા પાળવાનું વર્ણન કરતા. આવી દિવ્ય ચમત્કારી મૂર્તિના તકાદાર ભાવને પમાડે તેવી વાતોથી સત્સંગમાં ઘણા સંત હરિભક્તો શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે ને થાય છે.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા

એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.